# વિચરતી જાતિઓ આ બાળકની જેમ જ 'મા'ની સોડ ઝંખે છે...



વિચરતી જાતિની એવી કેટલીય વસાહતો છે જેમાં નિરાધાર અશક્ત વ્યક્તિઓ રહે છે. આ લોકોનું એવું કોઈ આપ્તજન નથી જે તેમને બે ટંક ખવડાવે તેમની સાર સંભાળ રાખે. ત્યારે વસાહતના લોકોએ મળીને તે વ્યક્તિની દરકાર કરવાનું સ્વીકાર્યું. પોતાને બે ટંક માંડ મળતું હોય તેમાંથી પણ થોડું આવા નિરાધાર માણસો માટે તેઓ કાઢતા થયા છે. કોણે શીખવાડ્યું આ બધુ? તો જવાબ મળે છે આટલું તો કરવું જ જોઈએ ને? માણસાઈ એમનામાં જીવે છે ને એમાં આપ સૌનો એમને મળતો સથવારો પણ એ માણસાઈને વધુ દીપાવનાર સાબિત થઈ રહ્યો છે. એક ઈશ્વર- અલ્લાના સંતાન હોવાના નાતેય આપ્તજનોની ચિંતા કરવી એનાથી મોટો બીજો એકેય ધર્મ નથી. એ સમજ વધુ દૃઢ બની રહી છે...

દિયોદરમાં એક બહેને બે જોડિયા બાળકોને જન્મ આપ્યો અને તે બહેન મૃત્યુ પામી. થોડા દિવસોમાં તેનો પતિ ગંભીર બિમારીમાં મૃત્યુ પામ્યો. નાના બાળકો નોંધારા થઈ ગયા. કુટુંબમાં પણ કોઈ નહોતું કે જે બાળકોને સાચવે. પડોશમાં રહેતા બહેનોએ મળીને આ બાળકોની જવાબદારી સ્વીકારી લીધી. કાર્યકર નારણના ધ્યાને આ વાત આવી ત્યારે તેણે અનાથઆશ્રમમાં બાળકોને મુકવાની વાત કરી પણ વસાહતના બહેનોએ જ એ માટે ના પાડી. આજે તો બાળકો લગભગ ચારેક વર્ષના થઈ ગયા છે અને તે નોંધારા હોય તેવું જરાય લાગતું નથી.

માનવતાની વાતો તો બધા કરીએ પણ પારકાને પોતાના કરી જાણે એ માણસાઈ. કોઈનું દુઃખ જોઈને આપણું હૈયુ વલોવાઈ જાય, કરુણા પેદા થાય અને તે માટે હું શું કરુ તે ભાવના જાગે અને તેમાં કશાય સ્વાર્થ વગર લાગી જઈએ તે સાચો ધર્મ. આ ધર્મ આ કામો સાથે સંકળાવવાના કારણે સમજ્યા... હવે તો વધારે ને વધારે લોકોને મદદરૂપ થવાની એક જ ખેવાના અને તે સાર્થક થાય તે માટે પ્રાર્થના...

'વિચરતા સમુદાય સમર્થન મંચ'
'હરીકુટીર' C/O સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, ઈસરોની સામે, સેટેલાઈટ પોલીસ સ્ટેશન પાસે, રામદેવનગર ટેકરા,અમદાવાદ-૩૮૦૦૧૫, ફોન નંબર: ૦૭૯-૨૬૮૬૦૩૭૮-૭૯
email: vssmgujarat@gmail.com, Website:www.vssmindia.org

અંક નં. ૪ ઓગસ્ટ ૨૦૧૭

# અસ્તિત્વ

વિચરતી વિમુક્ત જાતિઓ સાથે થઈ રહેલા કામોની માહિતી

'વિચરતા સમુદાય સમર્થન મંચ'



## વિ.એસ.એસ.એમ.નું ટ્રસ્ટી મંડળ

શ્રી માધવ રામાનુજ
શ્રી પ્રવીણ કે. લહેરી
શ્રી પ્રજ્ઞેશ દેસાઈ
શ્રી લીલાધર માણેક ગડા
શ્રી પારૂલ દાંડીકર
શ્રી ગીતા ગાલા
શ્રી મિત્તલ પટેલ



વિચરતી જાતિઓ સાથેનું કામ મોટું થતું ગયું એટલે એક માળખામાં કામ કરવાની વાત વી.એસ.એસ.એમ.ના કામોને મદદરૂપ થતા અધિકારીઓથી લઈને સૌ સ્વજનોએ કરી અને ૨૦૧૦માં સંસ્થાની નોંધણી કરી. ફોટોમાં દેખાય છે એ સૌએ સંસ્થાનો કાર્યભાળ સંભાળ્યો.

શ્રી માધવ રામાનુજ જાણીતા કવી, લેખક અને હાલમાં કીડની હૉસ્પીટલમાં માનદ સેવા આપે. જેઓ સંસ્થામાં પ્રમુખની ભુમિકા નિભાવે. સરકારમાં આ સમુદાયોના પ્રશ્નો મુકાય તે માટે સદાય કાર્યરત એમની અમને સૌને મોટી હૂંફ. શ્રી લીલાધર ગડા અમારા અધા કચ્છમાં આરોગ્ય ક્ષેત્રે ખુબ મોટું યોગદાન આપનાર અધાને શ્રી મનસુખ સલ્લા કચ્છના ગાંધી કહે. અધા ભોજાય હૉસ્પીટલ,વાગડ હૉસ્પીટલ, માનસીક રીત વિકલાંગ બાળકોની બે નિવાસી શાળા માનસી અને માનસ મંદરિના પ્રણેતા. એમનું ખુબ વહાલ સંસ્થાને હંમેશાં મળ્યું છે. ગુજરાત સરકારમાં મુખ્ય સચિવ રહી ચુકેલા શ્રી પ્રવિણભાઈ લહેરી નિવૃતિ પછી વધુ પ્રવૃત્ત બન્યા. સોમનાથ ટ્રસ્ટ, સદ્‌વિચાર પરિવાર વગેરે જેવી કેટલીયે સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. વી.એસ.એસ.એમ.માં એમનું હોવું એજ એક મોટો ટેકો છે. સતત એમનું માર્ગદર્શન કામને આગળ ધપાવવા મળ્યા કરે છે. સુશ્રી પારૂલ દાંડીકર ભૂમિપુત્ર મેગેઝીન અને યજ્ઞ પ્રકાશન સાથે સંકળાયેલા અને શરૂઆતમાં મારી સાથે વિચરણ કરનારા. ખુબ પ્રેમાળ અને અમને એક કડીમાં બાંધી રાખનારા. સુશ્રી ગીતા ગાલા બિદડામાં દિવ્યાંગ દીકરીઓ સાથે માનસીના નેજા હેઠળ દીકરીઓની મા બનીને હેત વર્ષાવે અને વી.એસ.એસ.એમ. ટીમના એ પ્રિય દીદી. પ્રજ્ઞેશભાઈ દેસાઈ નટરાજ ઘરઘંટી બનાવતી કંપનીમાં કી પોસ્ટ પર અને ગાયત્રી પરિવાર સાથે સંકળાયેલા. ખુબ પ્રેમાળ અને હંમેશાં ચેક લઈને જ ઓફીસ આવે..

આવું સરસ ટ્રસ્ટી મંડળ મળવું એ નસીબની વાત છે અને એ બાબતમાં વિચરતી જાતિની સાથે સાથે અમે સૌ નસીબદાર છીએ કે અમને આવું સુંદર કાર્ય કરવાનો મોકો મળ્યો.



## વિવિધ દિશામાં થઈ રહેલા કામો

૧ તંત્રી સ્થાનેથી...૨
૨ માનવ અધિકાર...૪
૩ વગડાંમાંથી વહાલપની વસાહત...૨૨
૪ સ્વાવલંબન...૨૫
૫ બનાસકાંઠામાં જળવ્યવસ્થાપનનાં કામો...૩૯
૬ કલા...૪૩
૭ ભણતર–ગણતર...૪૪
૮ પુર રાહતના કામો...૫૧
૯ મજબૂત ટીમ...૫૪
૧૦ સૌ પ્રત્યે કૃતજ્ઞતા...૫૬
૧૧ બ્લોગની માહિતી...૬૪
૧૨ અપીલ...૬૫



## તંત્રી સ્થાનેથી...

‘અસ્તિત્વ’ના માધ્યમથી વિચરતી જાતિઓ સાથે થઈ રહેલા આપણા કામોનો અહેવાલ આપની સમક્ષ મુકવા કોશીશ કરી છે. પણ આ અહેવાલ આ વખતે જરા જુદી રીતે લખવાની કોશીશ કરી છે. સાથે જ તંત્રી સ્થાનેથી પણ...

વિચરતી જાતિઓ સાથે થઈ રહેલા સેવાકાર્યોના કારણે રોજ જુદા અનુભવો થઈ રહ્યા છે. આ અનુભવના ભાથામાંથી જ ઘણું શીખીએ છીએ. તાજેતરમાં જ સેવાકાર્યો સાથે સંકલાયેલી વિગતે એક મીઠી મૂંઝવણ સાથેનો ફોન આવ્યો.

‘હલ્લો હું મુંબઈથી વાત કરુ છુ કેટલીક મૂંઝવણ છે તમારી સાથે વાત કરવી છે સમય છે?’

કાઠિયાવાડી લઢણમાં ફોન કરેલા બહેને પુછ્યું. મે હા પાડી. તેમણે કહ્યું, ‘મુંબઈના એક જૈન દેરાસર દ્વારા થતા સતકાર્યો સાથે હું સંકળાયેલી છું. હું રોજ ગરીબ લોકોને ભોજન પીરસવાનું કરુ છું. મારા આ કામના કારણે લોકો મને હવે ઓળખતા થઈ ગયા છે. હું જેમને જમવાનું આપુ છું તેમાંના એક બહેને તેમના ચાર બાળકો સાથે છેલ્લા એક અઠવાડિયાથી મારા ઘરની નજીકની ફૂટપાથ પર રહેવાનું શરૂ કર્યું છે. ચોમાસુ શરૂ થઈ જશે અને મુંબઈમાં તો વરસાદેય જબરો પડે. મને આમની ચિંતા થઈ એટલે મે એને પુછ્યું કે, ‘કેમ અહીંયા રહે છે. તારી ખોલી નથી?’ એણે કહ્યું, ‘મે દસ હજાર ડીપોઝીટ ભરીને મહિને ત્રણ હજારના ભાડાથી છાપરું લીધું હતું પણ છાપરાંના માલિકે આવીને અચાનક ખોલી ખાલી કરાવી. અમારી પાસે પૈસા નથી. મારા ઘરવાળાને વોચમેન તરીકે નોકરી મળી છે પણ પગાર થાય તો સમજણ પડે કે આગળ શું કરવું?’ સાંભળીને મને દયા આવી મે એને પાછુ કહ્યું, આવી હાલતમાં મુંબઈમાં ફૂટપાથ પર પડ્યા રહેવા કરતા દેશમાં પાછા જતા રહોને? તો એણે કહ્યું, ‘અમારી પાસે પૈસા નથી. મારા ઘરવાળાને પગાર આવે પછી કાંઈક સમજાય કે શું કરવું. પાછુ દેશમાંય કાંઈ નથી એટલે જ તો કમાવવા મુંબઈ આવ્યા છીએ.’ મે આગળ એ બહેનને કાંઈ ના પુછ્યું. પણ મને આ લોકોની દયા આવે છે. મારે એમને મદદ કરવી છે તેવો ભાવ થાય છે. પણ મારા મિત્રો અને મારા ઘરના કહે છે કે, ‘આ લોકો તો છેતરપીંડી કરે. તુ એમને ખોલી ભાડે લેવા કે દેશમાં પાછા જવા પૈસા આપીશ તો એ લોકો એ પૈસા ચાઉં કરી જશે વગેરે વગેરે...’ પણ મારા મનમાંથી એ બહેન ખસતી જ નથી મારે શું કરવું જોઈએ?

સતકાર્યો કેવી રીતે કરવા એની કોઈ થિયરી નથી હોતી અને કોઈ થિયરી લઈને આ કામ કરવાનું થાય પણ નહીં. અંતઃસ્પૂર્ણાથી જ આ બધુ થાય અને તે માટે કોઈ પ્રયત્નો પણ કરવાના ના હોય.

છેલ્લા કેટલાય વર્ષોથી સેવાકાર્યો સાથે સંકળાયેલી હોવાના નાતે અનુદાન આપનારા જુદી જુદી લાક્ષણિકતા ધરાવતા વ્યક્તિઓને મળવાનું થાય છે. જેમાં એક વસ્તુના સ્વરૂપમાં જાતે જ



જરૂરિયાતમંદને દાન આપનારા. આ રીતે દાન આપવાથી છેતરાવવાનો ભય રહેતો નથી તેવું તે વ્યક્તિ માને છે.બીજા વસ્તુ કે પૈસાના સ્વરૂપમાં દાન આપનારા. પણ આ પ્રકારે દાન આપ્યા પછી સતત શંકાઓ કર્યા કરે કે, એ દાન ખરેખર પેલા વ્યક્તિ સુધી પહોંચ્યું હશે કે નહીં. જેને આપ્યું છે તે યોગ્ય રીતે વાપરશે કે નહીં, જેમ આ બહેનને પૈસા આપીશું તો એનો ઘરવાળો દારૂ પીવામાં પૈસા વાપરી તો નહીં નાખે ને? અથવા વસ્તુ આપીશું તો એ વસ્તુ પાછી એ જઈને દુકાને વેચી તો નહીં આવે ને?.. વગેરે જેવી પીડાઓ દાન આપ્યા પછી તે વ્યક્તિને ઉદભવે છે. આમ તો દાન પીડામુક્ત થવા માટે છે, પણ અહીંયા તો ઊલટાની પીડા વધી જાય છે અને ત્રીજુ ‘નેકી કર ઔર દરિયા મે ડાલ’ની ફીલસુફીથી દાન કરનાર. મારા મનમાં કોઈને મદદ કરવાની ભાવના જાગી અને મે મદદ કરી બસ. મદદ કરવી એ મારો ધર્મ એના પરિણામની ચકાસણી કરવાનું કામ મારુ નહીં. વ્યક્તિગત રીતે આ દાનને હું સૌથી ઊંચુ અને મહત્વનું માનુ. એવા અજાણ્યા કે જેની સાથે લોહીનો કોઈ સંબધ નથી પણ માનવ ધર્મના નાતે મદદ કરવી તે જ ઈશ્વરની સાચી સેવા. બાકી મદદ પહેલાં કે પછી થનારા હજારો સવાલો દાનના મહિમાને ઓછો કરી દે છે. એક પગલું હજુ આગળ કહુ તો, હું કરું છું તે ભાવ પણ દાન કે સેવા કરવા સાથે આવવો ના જોઈએ. કુદરતે મને સેવા કરવા પસંદ કર્યો કે કરી બસ આ લાગણી સાથે થતા કાર્યો જ યોગ્ય.

મે તે બહેનને ઉપરોક્ત ત્રણે શ્રેણી કહી અને મદદ કેવી લાગણીથી કરવી તે જાતે નક્કી કરવા કહ્યું. બીજા દિવસે એ બહેનનો ફોન આવ્યો અને પેલા બહેનને ખોલી માટે ત્રણસો રૂપિયાની જરૂર હતી તે મે આપ્યાનું કહ્યું. એમના બોલવામાં રાજીપો હતો એમણે કહ્યું ‘આ મદદ કર્યાથી જાણે મને ઝૂંપડું મળ્યું હોય તેવો આનંદ થાય છે.’

ગામમાં સાધુ, ફકીર કે જેઓ મંદિર અને દરગાહમાં ઈશ્વર- અલ્લાહની પૂજા -બંદગી કરે. તેઓ શેરીમાં રોજ ચપટી આપો કે આઆઆલલલલલ કહીને ઘરની સામે ઊભા રહે ને ઘરમાંથી કોઈ આવીને તેમને આટો આપી જાય. આ રીતે આટો ભેગો થાય પછી સાધુ કે ફકીર ખપ પુરતો આટો રાખીને બાકીનો વેચી દે અને તેમાંથી જીવનજરૂરી અન્ય ચીજો ખરીદે. આટો વેચવાની વાત આ આખુ ગામ જાણતું પણ કોઈ દિવસ તેનાથી ચપટી આટો આપનારને ફર્ક નથી પડ્યો. ગામમાં રહેતા ગરીબ માણસોથી લઈને કુતરા, રખડતા ઢોરોનું ધ્યાન રાખવાની સુંદર પરંપરા ગામોમાં સચવાયેલી હતી પણ એ પરંપરા ધર્મ કહેવાતી અને એ કરવાનું જ હોય તેવું સૌ માનતા. આજે શહેરોની સાથે સાથે થયેલા માનવ વિકાસના કારણે કેટલીક બાબતોમાં આપણે સૌ માનસીક ગરીબ થઈ રહ્યા છીએ. આ ગરીબાઈ દુર કરી ત્રીજી શ્રેણીમાં પ્રવેશવાની જરૂર છે અને તેમ થાય તો દુનિયા આખી રાજી રાજી.

મિત્તલ પટેલ

૨૧ ઓગષ્ટ ૨૦૧૭

# માનવ અધિકાર



વિચરતી જાતિનો મર્યાદિત ઘરવખરી સાથેનો કામચલાઉ વસવાટ

દુનિયામાં જન્મનાર દરેક વ્યક્તિને માણસ તરીકેનું સન્માન અને ગૌરવ મળે, કોઈને ભુખ્યા સુવું ના પડે, કોઈને પોતાના અસ્તિત્વથી પરિતાપ ના થાય... સૌને આ દુનિયાની સુંદરતા જોવા મળે, ને આ દુનિયામાં જીવવાનું અને રહેવાનું ગમે... આવા સંકલ્પ સાથે 'વિચરતા સમુદાય સમર્થન મંચે' સમાજના સૌથી વંચિત એવા વિચરતા વિમુક્ત સમુદાયોને શ્રેષ્ઠ જીવન અપાવવાના મનોરથ સાથે કામની શરૂઆત કરી. શરૂઆત મુશ્કેલ હતી પણ ધીમે ધીમે સૌ આ સમુદાયોની મુશ્કેલી સમજતા ગયા અને સાથે આવતા ગયા. સરકાર અને સમાજની સહભાગિતા પણ વધી. જો કે કામ સરળ થઈ ગયું છે અને પ્રશ્નો ઉકેલાઈ ગયા છે તેવું ના કહી શકાય. પણ હવે ઘા વાગે તો તેની દવા પણ થાય છે.



ટીપા જેટલી જ સરકારી મદદ મેળવનાર આ જાતિઓ માટે આજે અલાયદા આયોજનો થઈ રહ્યા છે. જેમ કે, મતદારકાર્ડ, રેશનકાર્ડ અને રહેણાંક અર્થે પ્લોટ ફાળવવાની જુદી જોગવાઈઓની સાથે અલગથી નાનું બજેટ ફાળવાય છે. જો કે આ જોગવાઈ અને બજેટના અમલીકરણમાં અઢળક મુશ્કેલીઓ છે તે હકીકત પણ નકારી શકાય તેમ નથી અને આ મુશ્કેલી છે એટલે જ આપણે છીએ અને આ બધાનું સમાધાન મળશે તેવી આશા હવે દેખાવા માંડી છે. સરકાર પણ સંવેદનશીલ બની છે. હા કામની ગતિ ધીમી છે પણ કાલ સોનાનો સૂરજ ઊગશે એ આશા હવે દૃઢ બની છે.

વિચરતી જાતિઓને માણસ તરીકેનું ગૌરવ મળે તે માટે મહત્તમ સરકારી કચેરીઓમાં જવાનું અને ગ્રામજનો સાથે વાટાઘાટો કરવાનું થાય છે. અમારી દૃષ્ટિએ આ સમુદાયોને માણસ તરીકેનું સન્માન અપાવવાનું આ કામ અમને અને આ જાતિઓને માનસિક રીતે થકવાડનારુ લાગે છે. કચેરીમાં જઈને, 'સાહેબ ફલાણી વસાહતની પીવાના પાણીની, રેશનકાર્ડની, રહેણાંક અર્થે પ્લોટની વગેરે જેવી અરજીઓનું શું થયું? સાહેબ ત્રણ વર્ષ થયા અરજી કરે હજુ પ્લોટ મળ્યા નથી, થોડું ઝડપથી કામ થાય તેમ કરોને..' વગેરે જેવી વિનવણીઓ. તો ગ્રામપંચાયતમાં જઈને આ પરિવારોનાં કાયમી વસવાટ માટે રાજી હોવાનો ઠરાવ આપવાની વાત, તો ક્યાંક આ લોકોને ગામમાંથી કાઢી ના મુકો એમને રહેવા દોની વાત...

આઠ- આઠ વર્ષ દિવસ રાત જોયા વગર દોડ્યા હોઈએ અને તોય પરિણામ ના મળે ત્યારે કાર્યકરોની સાથે સાથે વિચરતી જાતિઓ પણ હતાશ થઈ જાય છે. અમારું કોઈ નથી તેવું તેમને લાગે તો અમને આપણી શાસન પ્રણાલિ પાંગળી લાગે. ક્યારેક તો અપમાનના ઘૂંટ પીવાનું પણ થાય. આવું થાય ત્યારે કાર્યકરો તો રીતસર રડી પડે. આ કામ કેમ કરવાનું? અધિકારી કે સમાજના અન્ય લોકો આપણી સામે શંકાની નજરે કેમ જુએ? ત્યારે એક પળ વાર માટે તો આમાંથી મુક્ત થઈ જવાની ઈચ્છા થઈ જાય.

માણસ તરીકેનું ગૌરવ દરેકને મળે તેવી ખેવના આપણી હોય પણ તે અપાવવાનું આપણા હાથમાં નથી. સામેવાળા અધિકારી કે વ્યક્તિ કેવું સમજે છે તેના ઉપર આખો મદાર રહેલો છે. એટલે સામાવાળાનાં માનસને બદલવાની, તેમનામાં માણસાઈ પ્રગટાવવાની આ પ્રક્રિયા અમારી દૃષ્ટિએ કપરી છે. સંસ્થા દ્વારા થઈ રહેલા બાકીના કામો આપણા હાથમાં છે હા મુશ્કેલી ત્યાં પણ છે સમુદાયની માનસિકતા બદલવાની વાત તેની સાથે જોડાયેલી છે પણ એ તો ગમે તેમ કરીને કરી શકાય છે પણ બહારના પરિબળો સામે ઝઝૂમવાનું થોડું વધારે થકવાડનારુ છે...

છતાં સાવ નાસીપાસ ના થઈ જઈએ તેનું કુદરત ધ્યાન રાખે છે અને એટલે કેટલીક જગ્યાએ રણમાં મીઠી વિરડી જડે એમ કેટલાક અધિકારીઓ તો કેટલાક સરપંચ કે વગદારો જડી જાય અને પડખે આવીને ઊભા રહે છે અને કામ થઈ જાય છે.

સ્વજન તરીકે આપ સૌનો સહયોગ ના મળ્યો હોત તો અમે કચેરીઓમાં કે વસાહતોમાં ધક્કા ખાવાનું ના કરી શક્યા હોત માનસિક રીતે આપ સૌનો સહયોગ જ અમને કુદરત અમારી સાથે છે તેનો અહેસાસ કરાવે છે. આપના સથવારાથી છેલ્લા દસ મહિનામાં થયેલા કેટલાક કામો તો આ જાતિઓ માટે કેટલુંક સરળ થાય તે માટે કરેલા સંઘર્ષોની વિગતો અસ્તિત્વના માધ્યમથી મૂકવાની કોશિશ કરી છે. અમે જે મથામણ કરીએ છીએ તે તમે અનુભવશો તેવી આશા સાથે...

## ડફેર અને પોલીસ વચ્ચેનો સંઘર્ષ



ઉપર આભ અને નીચે ધરતી માથે રહેતા કેસરબહેને હોંશથી દીકરી માટે એની શક્તિ પ્રમાણે ભેગો કરેલો દાયજો જે એક જ પેટીમાં સમાઈ જાય છે.

'બેન મારી દીકરીનાં ૬ તારીખે લગન સે. લગન હાટુ અમે પચી હજાર(૨૫,૦૦૦) જીમની વાડીનું રખોપું કરતાતા ન્યાંથી લાઈવાતા. એમાંથી પાંચ હજાર લઈન રવિવારે સાણંદ હટાણું કરવા ગ્યાને ઈ ટાણે પોલીસે ડંગે રેડ પાડી. અમારો હંધોય સામાન વીખેરી નાખ્યો. વીસ હજાર કપડામાં હંતાડીને મુઈકાતા. ઈ ઝડતીમાં પોલીસને જડી ગ્યા તે ઈ લઈ ગઈ. પાંચ દાડા બાકી સે મારી છોડીના લગન આડે અને આમ જુઓન આ કેવું કર્યું. ઊંઘ નથ આવતી. હજુ સીધુ સામાન લેવાનો બાકી સે ને પૈસા...' અમદાવાદ જિલ્લાના ગાંગડમાં રહેતા કેસરબહેને વીલે મોંઢે આ વાત કરી.

ઉપર આભ અને નીચે ધરતી માથે રહેતા કેસરબહેને હોંશથી દીકરી માટે એની શક્તિ પ્રમાણે એક પેટીમાં સમાય એટલો દાયજો ભેગો કરેલો... વધુ આપવાની હોંશ હોય પણ એવી સગવડ નહીં. આવા ગરીબના રૂપિયાને હાથ અડાળતા પોલીસને જીવ કેમ ચાલ્યો હશે? ડફેર પરિવારની આંતરડી કકડી રહી છે પણ પોલીસને આ બધુ ક્યાં સમજવું છે?

'બેન લગનમાં તમારે આવવું જ પડસે તમે નહીં આવોને તો એકેય ડફેર લગનમાં નહીં આવે. અને હા તમારે મારી દીકરીના હાહરીવાળા હાથે હોત વાત કરવી પડસે. એ પોલીસથી એવા બી ગ્યા સે કે જાન લઈને આવવાની જ ના કેસે. તમે વાત કરશો ને બેન?'

'હા, કરીશ અને લગનમાં પણ આવીશ. તમે ચિંતા ના કરો.'

તા ૬ મેના રોજ ગાંગડની સીમમાં કેસરબહેન અને હયાતભાઈની દીકરીના લગ્ન, સવારથી જ આખા ગુજરાતમાં રહેતા ડફેરોના ફોન આવે, 'બેન તમે ગાંગડ જવાના છો તમે આવો તોજ અમે જઈએ?'



સાંજે ઓફિસનું કામ પતાવી લગ્ન માટે નીકળી. ગાંગડ પહોંચતા સાડા નવ થઈ ગયા હશે. પહોંચ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે, કેટલાક લોકો તો નીકળી ગયા હતા. નીકળી ગયેલા સાથે વાત કરી તો તેમણે કહ્યું, 'તમે કામમાં હશો એટલે નહીં આવી શકો એમ સમજીને અમે નીકળી ગયા. અમે રહીએ અને પોલીસ આવે તો...' પોલીસની બીકે ઘણા જતા રહ્યા.

કેસરબહેન અમને જોઈને બોલ્યા, 'હવે જીવ હેઠો બેઠો.'

લગ્ન માટે કોઈએ તેમનું ખેતર આપ્યું હતું. ડફેરો રાતના લગ્ન કરે. ખેતરમાં એકદમ અંધારુ જો રસ્તા પર એ લોકો લેવા ના આવ્યા હોય તો કોઈને ખબર પણ ના પડે કે અહીંયા લગ્ન છે.

લગ્નમાં આવેલા સૌ સગાવહાલાં રાતના સુવા માટે ગોદડી કે કે ઓછાડ લઈને આવેલા અને ખેતરના શેઢા પરના એક એક ઝાડને રોકીને સૌ બેસી ગયેલા. જો કે અંધારામાં ફક્ત માણસોના ઓળા જ દેખાતા હતા. જાન અને માંડવે આવેલા સૌ માટે ભોજનમાં મસાલા ભાત કરેલા. જેવી આર્થિક સગવડ એવી વ્યવસ્થા. જે ચુલા પર જમવાનું કર્યું તે ચુલાના તાપનું જ અજવાળું. બાકી બધે ઘોર અંધકાર. મોડેથી જનરેટ શરૂ કર્યું ને ડંગામાં આછી લાઈટ શરૂ થઈ. રાતના લગ્નની વિધી પતી. સૌ ગરબા રમતા હતા. લગભગ અઢીવાગે પોલીસની જીપ ખેતરની બાજુમાંથી પસાર થઈ. બ્લુ લાઈટ જોઈને બધા જ ઊભા. ધીમે ધીમે અમે જે ખાટલા પર બેઠા હતા ત્યાં બધા આવ્યા, 'બેન પોલીસ.'

પોલીસનો ભય તેમના મોંઢા પર જોઈ શકાતો હતો. અમે ચિંતા ના કરવા કહ્યું.પોલીસની જીપ થોડો સમય ઊભી રહી,પછી જતી રહી. લગભગ સવારે સાડા ચાર વાગે અમે પરત ફર્યા.

પોલીસના ભયના કારણે ડફેરો લગ્નમાં એક સાથે ભેગું થવાનું ટાળે પણ હવે ડરવાની જરૂર નથી તેવી સતત વાતોથી અને તા.૨૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ ડફેર પુનઃવસન સંદર્ભે કરેલા કાર્યક્રમથી ડફેરોમાં હિંમત વધી હવે તેઓએ લગ્ન અને મરણના પ્રસંગોમાં તમામ સગાવહાલાંને હોંશથી તેડાવાનું નક્કી કર્યું અને સૌ પ્રસંગમાં જવાની ખેવના પણ રાખે પણ પોલીસથી તેમને ડર પણ એટલો જ લાગે.



તેમનું ભાવ ભરેલું જમણ, જે ચુલે તૈયાર થયું. તે ચૂલાનું અજવાળું જ આખા ડંગામાં પ્રકાશ રેલાવતું હતું

ગાંગડમાં લગ્ન પત્યા કે બીજા દિવસથી પડાણામાં પોલીસનો આવરો વધ્યો. હથિયાર પોલીસ પાસે હતું. તેમને માણસ જોઈતો હતો અને એ માટે વારંવાર ડંગામાં આવીને સ્ત્રીઓને હેરાન કરવાનું થઈ રહ્યું હતું. પુરુષો તો ડરના માર્યા ડંગામાં આવતા જ નહોતા. ખુલ્લા ખેતરોમાં બાવળોની વચમાં પડ્યા રહેતા.

તે પછી અલગ અલગ વસાહતોમાં ડફેર દીકરીઓના લગ્ન થયા અને તમામ જગ્યાએ પોલીસના બીકથી આ લોકોએ અમને બોલાવ્યા અને અમે ગયા પછી જ લગ્નની વિધી શરૂ થાય અને અમારા આવવાની ખાત્રી મળે પછી જ અન્ય ડફેર પરિવારો પણ લગ્નમાં આવે. બાજરડામાં લગ્ન હતા તે વખતે અમે પહોંચ્યા તે પહેલાં પોલીસ ડંગામાં પહોંચી ગઈ અને સીધી લોકો બેઠા હતા તેની ઉપર જીપ દોડાવી. સમયસૂચકતા વાપરી આ લોકોએ બાળકો અને બહેનોને હટાવી દીધા નહીં તો જાનહાની થઈ જાત.

ડફેરની છાપ ખરાબ. ગુનાહિત પ્રવૃતિ સાથે પહેલાં સંકળાયેલા અલબત આજે પણ એકાદ ડંગાના ગણ્યા ગાંઠ્યા માણસો લૂંટ કરીને જીવે ખરાં પણ બાકીના મોટાભાગનાએ તો મહેનત મજુરી કરીને જીવવાનું શરૂ કર્યું છે. આપણે તેમને વગર વ્યાજે ધંધા માટે લોન પણ આપી છે છતાં પોલીસ તેમને પ્રમાણિકપણે જીવવા નથી દેતી.

## ડફેર પ્રશ્ને આપણો પ્રયાસ

અમે પોલીસ મહાનિદર્શેક અને ગૃહમંત્રી શ્રીને સરકારી રેકોર્ડ પર જેમના નામ ગુનાહિત તરીકે નોંધાયા છે અને હજુ ફરાર છે તેમના નામ આપવા કહ્યુ છે.જો કે મોટાભાગના આમાં ગુનાહિત નથી તે પણ હકીકત છે છતાં, પોલીસની માથાકુટ ઓછી થાય તે માટે અમે તેમને હાજર કરીશું પણ તે પછી ડફેર પરની રંજાડ બંધ થાય તેમ થવું જોઈએ. આ અંગે વાત કરવા સમય ફાળવવા પણ કહ્યું છે પણ હજુ સુધી આ દિશામાં કશું થયું નથી.

કલ્પના પણ ના આવે તેવી સ્થિતિમાં આમ તો તમામ વિચરતી જાતિના પરિવારો રહે પણ ડફેરને તો પાછી પોલીસની પળોજણ પણ મોટી તેમને ખુબ જુદી રીતે પોલીસ હેરાન કરે. ડફેરની પરિસ્થિતિ અંગે આપણે એક અભ્યાસ હાથ ધર્યો જેમાં મળેલી માહિતી અને આવા સ્વનુભવો અંગે એક અલાયદુ પુસ્તક તૈયાર કરી રહ્યા છીએ. સરકાર આ પુસ્તક વાંચે અને વિચરતી વિમુક્ત જાતિઓમાં પણ વંચિત અને સાવ છેડાવે રહેતી ડફેર જેવી જાતિના પુનઃવસનમાં નક્કર પગલાં લે તેવી અપેક્ષા રાખીએ છીએ.

## ડફેર સમુદાય સંદર્ભે કરેલા અભ્યાસની ટૂંકમાં વિગત

ડફેર સમુદાયનો સમાવેશ રાજ્ય સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓમાં સમાવેશ કરેલી ૧૪૬માંથી પણ અતિપછાત ૧૨ જાતિઓમાં કર્યો છે. અતિપછાત જાતિ જાહેર કરવા પાછળનો આશય આ જાતિને પછાતપણામાંથી બહાર કાઢવાનો હોવો જોઈએ પણ તેવું કશું નક્કર આયોજન આ જાતિ માટે દેખાતું નથી. ડફેર સમુદાયના ૪૦૯ પરિવારોને સરકારની વિવિધ યોજનાઓમાંથી કેટલી યોજનાઓની મદદ મળી છે તેનો અભ્યાસ હાથ ધર્યો. અભ્યાસમાંથી બહાર આવેલા તારણો જોઈએ...



| ક્રમ | યોજનાનું નામ | હકદાર પરિવાર/ વ્યક્તિની સંખ્યા | મદદ મળી હોય તેવા પરીવાર/ વ્યક્તિની સંખ્યા | મદદથી વંચિતોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | રહેણાંક અર્થે પ્લોટ | ૪૦૯ પરિવાર | ૭ | ૪૦૨ |
| ૨ | અમૃત્તમ મા કાર્ડ | ૪૦૯ પરિવાર | ૨ | ૪૦૭ |
| ૩ | જાતિપ્રમાણપત્ર | ૧૭૦૨ વ્યક્તિ | ૯૪ | ૧૬૦૮ |
| ૪ | અંત્યોદય રેશનકાર્ડ | ૪૦૯ પરિવાર | ૨ | ૪૦૭ |
| ૫ | બી.પી.એલ.યાદી | ૪૦૯ પરિવાર | ૧૦ | ૩૯૯ |
| ૬ | બી.પી.એલ. રેશનકાર્ડ | ૪૦૯ પરિવાર | ૭૮ | ૩૩૧ |
| ૭ | મતદારકાર્ડ | ૯૪૫ વ્યક્તિ | ૬૨૪ | ૩૨૧ |
| ૮ | શૌચાલય | ૪૦૯ પરિવાર | ૪૨ | ૩૬૭ |
| ૯ | ભણેલા વ્યક્તિ | ૧૭૦૨ વ્યક્તિ | ૫૯ | ૧૬૪૩ |
| ૧૦ | પાણી કનેક્શન (વસાહત દીઠ) | ૩૯ વસાહત | ૧ | ૩૮ |
| ૧૧ | લાઈટ કનેક્શન (વસાહત દીઠ) | ૩૯ વસાહત | ૦ | ૦ |

## ડફેર સમુદાયના પ્રશ્ને કાર્યક્રમ – 'વણસાંભળેલી વાત'



ડફેર સમુદાયના પ્રશ્ને હાથ ધરવામાં આવેલા અભ્યાસની ડ્રાફ્ટ કોપીનું વિમોચન

'વણ સાંભળેલી વાત'ના નેજા હેઠળ ડફેર સમુદાયોની સ્થિતિને સમાજ અને સરકાર સમક્ષ મુકવાનો કાર્યક્રમ તા. ૨૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ અમદાવાદ મુકામે આયોજીત કર્યો. આ કાર્યક્રમમાં નાયબ પોલીસ મહાનિર્દેશક શ્રી વિનોદ મલ્લ, જ્ઞાનપીઠ વિજેતા શ્રી રઘુવીરભાઈ ચૌધરી, કાલુપુર બેંકના ચેરમેન એમેરિટસ શ્રી અંબુભાઈ પટેલ, વિશાલા હૉટલના સંસ્થાપક શ્રી સુરેન્દ્રભાઈ પટેલ તથા સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લહેરી તથા અમદાવાદના પ્રતિષ્ઠત નાગરિકો, ડફેર સમુદાયના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમમાં ઉપસ્થિત માલણિયારથી આવેલા ગુલાબભાઈ ડફેરે કહ્યું, 'અમને ગામની પાહે ઘર જોઈએ સે. તમારા ભેગા ભળવું સે' તો નગરાથી આવેલા હમીરભાએ કહ્યું, 'અમે કાંઈ પાકિસ્તાનના નથ, અમારે ન્યાં જવુંયે નથ. આ અમારો દેશ અને અમારે આંય જ રહેવું સે અમને જાનવરમાંથી માણહ થાવું સે અને સમાજ અમને મદદ કરે. તમે હંધાય અમને હાંભળવા આયાસો અમને ઈનો આનંદ સે. સમાજ અમારી પડખે ઊભો રે ને તો અમાર ઘર થવાના. અમારી પેઢીઓ ભઈ સાબ આમ રખડવામાં જતી રહી પણ હવે આ રઝળપાટ સહન નથ થાતો, મરતા પેલા એક ફેરા અમારે અમારા ઘરમાં રહેવું સે' તો દેવળિયાથી આવેલા ફાતીમાબહેને પોતાના પતિને મહિના પહેલાં હથિયાર રાખતા હોવાનું કહીને પોલીસ પકડીને લઈ ગયાની આખી ઘટના વર્ણવી. '૭૦ વર્ષના ભાભાને પોલીસે વાળ પકડીને માર્યા, સાહેબ આ બધો ક્યાંનો ન્યાય સે. દર મહિને પોલીસ આવીને બંદુક માંગે તે અમે કારખાના નાખ્યા સે?' તો સાવરકુંડલામાં માર્ચ-૨૦૧૭માં થયેલી લૂંટમાં ચાર ડફેરોના નામ પોલીસે આપ્યા. સાવ નિર્દોષ ચારેય જણામાંથી નસીબ પોતાનું નામ આવ્યાનું જાણીને જ ભાગી ગયો. તેની પત્નીને છેલ્લા દિવસો જઈ રહ્યા હતા. પોલીસે ઘરે આવીને નસીબનો પત્તો પુછ્યો અને તેની પત્નીએ કાંઈ ના જાણતા હોવાનું જણાવ્યું ત્યારે એને ખુબ ધમકાવી. એની પત્નીને એવી ફડક બેસી ગઈ કે, પોલીસ ગયા પછી તુરત પ્રસુતિની પીડા ઉપડી અને બાળક મરેલું અવતર્યું. કાર્યક્રમમાં નસીબની આ વાત પણ થઈ. ટૂંકમાં ખુબ વેદના અને લાગણીસભર વાતો જે ડફેરો કાયમ વેઠે છે તે સમાજ સમક્ષ મુકી. સાંભળીને ઉપસ્થિત સૌની આંખોમાંથી પાણી વહી રહ્યા હતા. સૌએ એક કાગળ અને પેનમાં ડફેરને આપણી હરોળમાં ઊભા રાખવા શું કરવું તેના સરસ સુઝાવો લખીને આપ્યા. હાર્ટ ફાઉન્ડેશનમાંથી ડૉ.નીતીન શાહ ઉપસ્થિત રહ્યા હતા તેમણે એક વિચાર તરીકે ડફેરના ડંગાને દત્તક લેવાની યોજના સમાજ સમક્ષ મુકી. એક ડંગામાં ૧૦થી ૧૫ પરિવારો રહેતા હોય છે, તેમણે આ પરિવારોના ઘર બનાવી આપવાથી લઈને અન્ય તમામ સુવિધા આ પરિવારોને મળે તે માટે રૂ.પાંચ લાખ અને જરૂર પડે તો વધારે આપવાની પણ જાહેરાત કરી. "સદવિચાર પરિવાર"ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ લહેરીએ પણ બે ડંગા દત્તક લેવાનું સ્વીકાર્યું તો જ્ઞાનપીઠ


ડફેર સમુદાય પ્રત્યેક લાગણી રાખી કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ સ્નેહીજનો


પત્રકારો સમક્ષ પોતાની મૂંઝવણ રજૂ કરી રહેલા ગુલાબભાઈ ડફેર



વિજેતા શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ સ્વ. શ્રી સનતભાઈ મહેતાને યાદ કર્યા અને એ હોત તો ડફેરોને લઈને ગાંધીનગર રેલી કરત અને સરકારને કહેત કે, આમને રહેવા જમીન આપો. ખેર સનતભાઈ નથી પણ સરકારને આવા વંચિતોને તત્કાલ જમીન આપવાનું કરવું જોઈએ તેવી વાત ભારપૂર્વક તેમણે જણાવી.


વી.એસ.એસ.એમ. ટ્રસ્ટીમંડળ સાથે ડફેર આગેવાનો

કાર્યક્રમમાં અધિક પોલીસ મહાનિર્દેશક શ્રી વિનોદ મલ્લ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ખુબ સંવેદનશીલ અધિકારી અને ડફેરોના પોલીસ સાથેના અણબનાવોમાં હંમેશાં જરૂર પડી ત્યાં તેમણે મદદ કરી છે તેવા મલ્લ સાહેબને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે એક મેસેજ લખીને નિમંત્રણ આપેલું અને તેમણે તે તુરત જ સ્વીકારી લીધું. તેમણે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, 'હું સુરેન્દ્રનગરમાં પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતો હતો તે વખતે મારા ધ્યાને ડફેર સમુદાય આવેલો. પોલીસ તેને વારંવાર કનડે એવી ફરિયાદો પણ સાંભળેલી. તપાસ કરી ત્યારે ખ્યાલ આવ્યો કે, આ લોકો તો અત્યંત ખરાબ હાલતમાં રહે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આખા વર્ષના ૨૮૦૦ ગુના નોંધાયેલા એમાં ડફેરના બે જ ગુના હતા અને તે પણ લૂંટના. બેય લૂંટમાં ડફેરોએ સાત હજાર રૂપિયા લૂંટ્યાનું નોંધાયું હતું. સીધુ જ દેખાતું હતું કે, પેટ ખાતર એણે આ માર્ગ લીધો હશે. પોલીસનું કામ ગુનાના આરોપીને શોધીને તેને સજા કરવાનું છે અને તે થઈ જાય પછી પણ ડફેરના ડંગામાં જઈને વારંવાર તેમને હેરાન કરવાનું શું કામ થાય છે એ સમજાતું નથી. આ લોકોને ખોટી રીતે પોલીસ કનડે નહીં તે માટે મે પ્રયત્ન કરેલો પણ આવડા મોટા તંત્રમાં બેઠેલો દરેક વ્યક્તિ જ્યાં સુધી ડફેર કે તેના જેવા વંચિતો માટે નહીં વિચારે ત્યાં સુધી આ અસમાનતા દુર થવાની નથી. આપણે કહીએ છીએ કે, ગરીબો હાંસિયામાં ધકેલાઈ ગયા છે. પણ એમને હાંસિયામાં ધકેલ્યા કોણે? દેશની પ્રગતિ થઈ રહી છે તેવું પણ આપણે કહીએ છીએ ત્યારે જાતિઓના વાડામાંથી બહાર નીકળવાની જગ્યાએ આપણે જાતિઓના વાડામાં વધારે ગૂંચવાઈ રહ્યા હોય તેવું નથી લાગતું? આજેય કોઈ દલિત કે મુસ્લિમને પ્રહલાદનગર કે વસ્ત્રાપુર જેવા વિસ્તારમાં ઘર લેવું હોય, તેની પાસે પૈસાય હોય છતાં તે કહેવાતા સવર્ણોની વચમાં ઘર નહીં લઈ શકે. તેને કોઈ ઘર આપશે નહીં. આપણી માનસિકતા નહીં બદલાય ત્યાં સુધી ડફેર જેવા સમુદાયો આપણી સાથે નહીં આવી શકે.'

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામે પોતાનાથી જે પણ થઈ શકે તે કરવા તથા સંસ્થાના તમામ કાર્યમાં જોડાવવું ગમશે તેવું જણાવ્યું.

## વાદી, મદારી સમુદાયના પ્રશ્ને આયોજીત કાર્યક્રમ – 'શું અમે જીવ નથી?'



શું અમે જીવ નથી કાર્યક્રમમાં ઉપસ્થિત વાદી સમુદાયો સાથે વાર્તાલાપ

વાદી અને મદારી સમુદાય સાપના ખેલ દર્શાવી લોકોનું મનોરંજન કરીને પોતાનો ગુજારો કરતા.પરંતુ, 'વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ' કાર્યાન્વિત થયો અને તેના ભાગરૂપ ૧૯૯૦માં સાપના ખેલ દર્શાવવા પર પ્રતિબંધ આવ્યો. વાદી- મદારીઓએ પેઢીઓથી સાપના ખેલ દર્શાવીને જ પોતાનું જીવન વ્યતીત કરેલું. પોતાની પાસે એવી કોઈ જમીન જાગીર નહીં કે તેના આધારે તે નભી શકે. સદીઓથી આ સમુદાયની પેઢીઓ સાપના ખેલ કરીને જ જીવી છે, આવામાં અચાનક તેમને સાપના ખેલ કરવાની ના પાડવામાં આવી જે આ સમુદાય માટે દુ:ખદ હતું. ખેડુત પાસેથી ખેતીની જમીન લઈ લેવામાં આવે તો પ્રથમ તેને પણ ના સમજાય કે તે શું કરશે, બસ તેવું જ વાદી સમુદાયનું થયું.

હાથમજુરીનું કે ભારે કહી શકાય તેવું કામ વાદી સમુદાયના લોકોએ ખાસ કર્યું નહોતું. એટલે પ્રતિબંધ હોવા છતાં પોલીસ કે જંગલ વિભાગની નજરથી સંતાઈને અંતરિયાળ વિસ્તારમાં જઈને તેઓ સાપના ખેલ દર્શાવતા પણ તેમાં સતત ભય રહેતો. શું કરવું તેની મૂંઝવણમાં તેઓએ ભીખ માંગવાનું શરૂ કર્યું. બહેનો હાથમાં થાળી લે અને તેમાં માતાજીની મૂર્તી મુકીને ભીખ માગવાનું કરે તો પુરુષો સાધુ બાવાનો વેશ પહેરી હાથની રેખાઓ જોઈ જ્યોતિષની જેમ ભવિષ્ય જોવાનું કરે. મંગળ કે ગુરુ ગ્રહ નડે છે ફલાણી વીધી કરાવો વગેરે કહીને એક અર્થમાં લોકોને ધુતવાનું તેઓ કરે છે. આના કારણે ઘણીવાર તેઓ મુસ્કેલીમાં પણ મુકાય છે. પોલીસ દ્વારા પણ તેમને કનડગત થઈ રહી છે.



વાદી - મદારી સમુદાયની ઘણી વસાહતો સરકાર દ્વારા બનાવવામાં આવી. પણ તેઓને વસાહતની નજીક કામ મળતું નથી આથી ભીખ માંગવા સતત વિચરતા રહે છે. જેના લીધે બાળકોનું ભણવાનું પણ થતું નથી.

વાદી સમુદાય ફક્ત સાપના ખેલ દર્શાવવાનું જ કામ નહોતા કરતા તેઓ સાપના ખેલની સાથે સાથે સાપની વિવિધ જાતો વિષે પણ લોકોને પરિચય કરાવતા. વળી સાપના ખેલ સાથે જોડાયેલું અદ્‌ભૂત વાદ્ય મોરલી પણ લુપ્ત થવાની સ્થિતિ પર પહોંચી ગયું છે. વાદી સમુદાયની આજે પણ માંગ છે કે, તેમને મૂળ વ્યવસાય સાથે ફરી જોડવામાં આવે. સાપ સાથે ઘાતકી વ્યવહારની વાત કરીને સાપના ખેલ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો. પણ આ બધુ કરતાં પહેલાં વાદીની પરંપરાને સમજવાની જરૂર હતી. તેઓ હંમેશાં કહે છે કે, 'જે અમને જીવાડે તેને અમે ક્યારેય ના મારીએ, ના કનડીએ.' ખેર આજે એ સંદર્ભે વાત નથી કરવી. પણ વાદી સમુદાયની ઓળખ સાપ સાથે જોડાયેલી છે અને તેની સાથે એક આખી સંસ્કૃતિ પણ જોડાયેલી છે જેને ટકાવવી જરૂરી છે. નહીં તો સાપ અને વાદી બેય એકબીજાથી અળગા થઈ જશે અલબત થઈ રહ્યા છે અને તેના કારણે એક આખી સંસ્કૃતિ લુપ્ત થવાના આરે આવીને ઊભી છે.

### સ્નેકપાર્ક

ચેન્નઈમાં 'સ્નેકપાર્ક ટ્રસ્ટે' સરિસૃપ પ્રજાતિઓ માટેનો સરસ પાર્ક બનાવ્યો છે. જેમાં વિવિધ સરીસૃપ જાતિના પ્રાણીઓને રાખવામાં આવ્યા છે. વર્ષે દિવસે ૭ લાખ પ્રવાસીઓ પાર્કની મુલાકાતે આવે છે અને તેની વાર્ષિક આવક ૬ મિલીયન કરતા પણ વધુ છે. ગુજરાતમાં જીલ્લે જીલ્લે જ્યાં વાદી સમુદાયોની વસાહતો હોય ત્યાં આવા સ્નેકપાર્ક વસાહતની નજીક બનાવવામાં આવે અને તેનો વહિવટ આ વસાહતની મંડળી જંગલ વિભાગ સાથે રહીને કરે તેમ ગોઠવી શકાય તો પણ ઘણા વાદી પરિવારોનું પુન:વસન થઈ શકે. હાલ પુરતુ જિલ્લે જિલ્લે શક્ય ના બને તો નમૂનારૂપે બે કે ત્રણ જગ્યા પસંદ કરીને સ્નેકપાર્ક અંગે વિચારી શકાય.



વાદી-મદારી સમુદાયની પરિસ્થિતિ દર્શાવતું ફોટો પ્રદર્શન જોતા વાદી આગેવાન



પત્રકારો સમક્ષ પોતાની વ્યથા વ્યક્ત કરતા વાદી આગેવાનો

'ચેન્નઈ સ્નેકપાર્ક ટ્રસ્ટે' તમિલનાડુમાં સાપના ખેલ દર્શાવતી ઈરુલા જાતિના પુનઃવસન માટે અદભૂત કાર્ય કર્યું છે. ઈરુલા જાતિના લોકોને સાપ પકડવાનું લાયસન્સ આપવામાં આવ્યું છે. જેમને લાયસન્સ આપવામાં આવ્યું છે તે લોકોને સાપને હાનિ ના પહોંચે તે રીતે સાપ પકડવાની તાલીમ પણ આપવામાં આવે છે. 'ઈરુલા કૉ-ઓપરેટીવ સોસાયટી' આ કામ માટે જ બનાવવામાં આવી છે. જેના તમામ સભ્યો ઈરુલા જાતિના છે. ૨૫૦ થી ૩૦૦ સભ્યોની આ સોસાયટીના સભ્યો સાપને પકડીને સોસાયટીની ઓફીસમાં જમા કરાવે છે. જ્યાં એક સાપમાંથી બે વખત ઝેર કાઢવામાં આવે છે. એક સાપને પકડવાના રૂા.૫,૦૦૦ થી ૭,૦૦૦ ઈરુલા વ્યક્તિને મળે છે. જ્યારે સોસાયટી સાપનું બે વાર ઝેર કાઢીને સાપને મુક્ત કરી દે છે અને એકત્રિત કરેલું ઝેર વેનમબેંકને એક તોલાના રૂા.૭૦,૦૦૦ થી રૂા.૮૦,૦૦૦ના ભાવે વેચે છે. 'ઈરુલા કૉ-ઓપરેટીવ સોસાયટી'નો વહીવટ પણ ઈરુલા જાતિના લોકો જ સંભાળે છે. વર્ષે દિવસે થતો નફો સોસાયટીના તમામ સભ્યોને વહેંચી દેવાય છે.

ટૂંકમાં ઈરુલા જાતિ જેની ઓળખ સાપ સાથે જોડાયેલી હતી તેમની પાસે સાપ વિષેનું પરંપરાગત જ્ઞાન હતું તેનો ઉપયોગ સ્નેકપાર્ક ટ્રસ્ટે કર્યો. અલબત સ્નેકપાર્ક ટ્રસ્ટમાં એનીમલ કીપરના સ્ટાફમાં ૮માંથી ૫ કર્મચારી ઈરુલા જાતિના છે.

વાદી મદારીના પુનઃવસન સંદર્ભે અને વાદી સમુદાયની આગવી ઓળખને જાળવી રાખવા માટે આખા ગુજરાતના તમામને સાપ પકડવાનું લાયસન્સ આપવાની વાત અમે નથી કરતા પણ 'ઈરુલા કૉ-ઓપરેટીવ સોસાયટી'ની જેમ કાંઈક સુંદર વ્યવસ્થા થઈ શકે તો એક ઉત્તમ ઉદાહરણ બની શકે અને વાદીની ઓળખ સાપ સાથેની સંસ્કૃતિનું જતન પણ થાય.

પાંચમી જુન 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે ઊજવાય છે. પર્યાવરણના જતનના નામે વાદીઓને સાપ પકડવા પર પ્રતિબંધ લાદ્યો. વાદી ભીખ માંગવાનું કરી રહ્યા છે. આવામાં તેમની 'ઈરુલા કૉ-ઓપરેટીવ સોસાયટી' જેવી 'વાદી કૉ-ઓપરેટીવ સોસાયટી' બને અને તેમને સાપ પકડવાનું લાયસન્સ મળે તે હેતુસર સમગ્ર ગુજરાતના લાલવાદી, ફુલવાદી અને નાથવાદી અને મદારીના આગેવાનોને એકત્રીત કરવાનું પાંચમી જૂને કર્યું. ૨૦૦ જેટલા આગેવાનોની સાથે સાથે આ સમુદાય પ્રત્યે લાગણી રાખતા સ્વજનો પણ આ દિવસે ઉપસ્થિત રહ્યા અને ઉપરોક્ત વિગતે ચર્ચા કરી અને તે સંદર્ભે સરકારમાં રજૂઆત કરવાનું ઠરાવ્યું.



## આપ સૌ સ્વજનોના સથવારાથી થયેલા કામો

અધિકારીગણની લાગણી અને આપ સૌ દાતાઓની આર્થિક મદદ વગર વિચરતી જાતિઓને વિવિધ સરકારી સહાય મળવી મુશ્કેલ હતી. વળી વિવિધ સરકારી કચેરીઓમાં સતત દોડાદોડી કરવાની થાય અને તે માટે ખાસ્સો ખર્ચ પણ થાય. ત્યારે આપે અમારી પર શ્રદ્ધા રાખી અને સતત દોડાદોડી કરવા માટે અમને આર્થિક સહયોગ કર્યો અને અધિકારીઓએ પણ આ બાબતે સંવેદના દાખવી જેના કારણે આ સમુદાયોને માણસ તરીકેનું ગૌરવ અપાવવાના કામો થઈ શકે છે જ માટે આભારી છીએ.

**થરાદમાં રહેતા વિચરતી જાતિના પરિવારોને રહેણાંક અર્થે પ્લોટ ફાળવાયા**

'વર્ષોથી રાહ જોતાતા એ સપનું પૂરું થ્યું. અમન ઘર બોંધવા પલોટ મળ્યા. કેવી મેનત કરી નઈ બેન. હાચુ કઉ દોંતિયામોં જમીનનો હુકમ થ્યો ન તાર તો બધાય હાવ નેરાશ થઈ જ્યા તા. હવ આ હુકમ નઈ ફરઅ ઈમ થઈ જ્યું તું. પણ બધાની મેનત રંગ લાઈ. અમન થરાદમોં જ પલોટ મળ્યા.'

રામાભાઈ ગાડલિયા અને કેશનાથ નાથવાદીએ પ્લોટ ફાળવાયાની ફોન પર વધામણી આપી. ઘર બાંધવા માટે જમીન મળ્યાનો રાજીપો તેમના અવાજમાં વર્તાતો હતો.

VSSMની રજૂઆતથી જ ૨૦૧૪માં તેમને થરાદમાં પ્લોટ ફાળવાયા હતા પણ કોઈક કારણસર સરકારે તે રદ કર્યા પણ આપણી સતત રજૂઆતથી થરાદથી ૩૫ કિ.મી. દૂર દાંતિયાગામમાં જમીન ફાળવાઈ. ગામે વિરોધ નોંધાવ્યો. વળી ૧૪૯ પરિવારોનાં કામ ધંધા થરાદમાં એટલે રોજ દાંતિયાથી થરાદ આવવું જવું પણ પોષાય નહીં. કલેક્ટર શ્રી જેનુ દેવન અને સ્થાનિક ધારાસભ્ય શ્રી પરબતભાઈ પટેલ પાસે સમુદાયના લોકોની અને VSSMની સતત રજૂઆતથી થરાદમાં જ તેમને પ્લોટ ફાળવાયા. VSSMનાં કાર્યકર શારદાબહેનનું દિવસ રાત આ કામ માટે મથ્યા કરવાનું હવે લેખે લાગ્યું. પોતાના ઘરનું સ્વપ્ન હવે સાકાર થવાનું. સરકારે અને વહીવટીતંત્રએ આ પરિવારોની કાળજી લઈ તેમને પ્લોટ ફાળવ્યા તે માટે આભારી છીએ... ભવિષ્યમાં આ પરિવારોનાં પોતાના અને તે પણ પાકા સુંદર ઘરો બનશે ને સૌ ઘરવાળા થશે.



જેમને રહેણાંક અર્થે પ્લોટ મળ્યા તેમાંનો વાદી પરિવાર

## ઊંઝામાં ૨૩ પરિવારોને પ્લોટ ફાળવાયા



હાલમાં ઊંઝામાં રહેતા સરાણિયાની ચોમાસામાં દશા પણ હવે આવુ ચોમાસું નહીં નીકળે

ઊંઝામાં બજાણિયા, ભરથરી, સરાણિયા પરિવારો વર્ષોથી છાપરાં બાંધીને અસ્થાયી રહેતા. આ પરિવારોને પ્લોટ મળે તે માટેની છેલ્લા ચાર વર્ષની રજૂઆતના પગલે ઊંઝાના ડાભી ગામમાં તેમને રહેણાંક અર્થે પ્લોટ ફાળવાયા. પોતાની ૭૧ પેઢીમાં પોતાના ઘરમાં રહેવા જવાવાળા આ પહેલાં પરિવારો હશે.. આ પરીવારોની હોંશ પુરી કરનાર મહેસાણા કલેક્ટર શ્રી આલોક કુમાર તથા અધિક કલેક્ટર શ્રી રમેશ મેરજા, ઊંઝા મામલતદાર શ્રી તથા અન્ય તમામ વહીવટિગણનો આ તબક્કે અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અને પ્લોટની ફાળવણીમાં દોડાદોડ કરનાર સંસ્થાના કાર્યકર મોહનભાઈની નિરાશ થયા વગર લાગ્યા રહેવાની ટેવને દાદ આપીએ છીએ.

## લવાણાગામમાં ૧૦૩ પરિવારોને પ્લોટ ફાળવાયા પણ ગામ લોકો તેમની વિરુદ્ધ કોર્ટમાં ગયા

બનાસકાંઠાના દિયોદર અને લાખણી ગામની આસપાસમાં છાપરાં બાંધીને રહેનારા વિચરતી જાતિના ૧૦૯ પરિવારોને રહેણાંક અર્થે પ્લોટ ફાળવાય તે માટે VSSMના કાર્યકર નારણના માધ્યમથી છેલ્લા ઘણા વર્ષોથી આપણે રજૂઆત કરી રહ્યા હતા. આખરે કલેક્ટર શ્રી જેનુદેવન અને અન્ય અધિકારીગણની લાગણીના કારણે આ પરિવારોને લવાણા ગામમાં પ્લોટ ફાળવવાનો હુકમ થયો. પણ આ અંગે જેવી ગામલોકોને ખબર પડી કે, ગામલોકોએ આ હુકમ વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો.

ગામલોકો કોર્ટમાં ગયાનું જાણી આ પરિવારો ખુબ નિરાશ થયા. કોઈને આશરો આપવો એ





લવાણામાં જેમને પ્લોટ ફાળવાયા તેમાંનો એક પરિવાર હાલમાં જે સ્થિતિમાં રહે છે તે

સૌથી મોટો ધર્મ કહેવાય. તો પછી એ ધર્મ નિભાવવા ગામલોકો પાછી પાની શાને કરે છે? તે સમજાતું નથી. ખેર કાંઈક સરસ ઉકેલ આવશે તેવો વિશ્વાસ છે...

## દેવપુરામાં છ પરિવારોને પ્લોટ ફાળવાયા

વિચરતી જાતિઓને આમ તો કુદરતનો જ સૌથી મોટો આશરો. પણ ક્યારેક કોઈ ગામ સારુ લાગે અને ત્યાં કાયમ વસવાનું સ્વપ્ન આ પરિવારો સેવતા થઈ જાય ત્યારે તકલીફ ઊભી થઈ જાય. ગામ સારુ હોય તો વાંધો ના આવે બાકી ગામલોકો તેમને ગામમાંથી કાઢી મુકવાના પેતરા રચે. આવો જ પેતરો દેવપુરા ગામના લોકોએ રચ્યો. મોર માર્યાનો આરોપ વાંસફોડા પરિવારો પર મુક્યો અને તેમને ગામમાંથી કાઢી મુક્યા. નાથાકાકા વાંસવાદીએ ગામ છોડતા પહેલા ગામલોકોને કહેલું કે, 'અમે હાચા સીએ તમે અમન ખોટા રંજાડો સો પણ અમારી 'મા' - માતાજી હાચો ન્યાય કરશે. અન અમારા નેકળ્યા પસી ગોમને હખવારો નાર્યો, આખું ગોમ ખૂબ હેરોન થ્યું, તાણ જતા ગોમવાળા હોમેથી અમન હોધતા આયા અન રેવા બલ્લે કાયમ જમીન આલી'

'મા' આવો પરચો આપી શકે કે કેમ તે પ્રશ્ન છે પણ આ 'મા'ના લીધે ગામે વાંસવાદીઓને પાછા બોલાવ્યા. એવું વાંસવાદી અને ગામ બંને માને છે અને માતાજી પ્રત્યેની આ શ્રદ્ધાથી વાંસફોડાને રહેવા માટે જમીન પણ મળી હવે તેના ઉપર ઘર બાંધવાનું આયોજન થશે. આ પરિવારોને પ્લોટ ફાળવવામાં નિમિત્ત બનનાર સરપંચ અને પંચાયત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

### સૌરાષ્ટ્રમાં જાતિ પ્રમાણપત્ર મળવાની શરૂઆત થઈ

સૌરાષ્ટ્રમાં કામ કરવાનું સૌથી મુશ્કેલ. રાજકોટ અને મોરબી બંને જિલ્લામાં રહેતા વિચરતી જાતિના પરિવારોને વિવિધ સરકારી યોજનાઓની મદદ મળે તે માટે જાતિ પ્રમાણપત્રોની જરૂર પડે. પણ જાતિ પ્રમાણપત્ર મેળવવા જોડવા પડતા આધારો આપણી આ જાતિઓ પાસે હોય નહીં. થાકીને શ્રી કે.જી. વણઝારા સંયુક્ત સચિવ શ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને રજૂઆત કરી અને તેમની સૂચનાથી બંને જિલ્લામાં રહેતા પરિવારોને પ્રમાણપત્રો મળવાની શરૂઆત થઈ. વણઝારા સાહેબની મદદ માટે તેમના આભારી છીએ.

જાતિ પ્રમાણપત્રો માટે નિયમો હળવા થયા છે પણ હજુ પણ કેટલાક ફેરફાર આવશ્યક છે તે થાય તે માટે આપણે કોશીશ કરીએ છીએ.

## નિરાશા

વિચરતી જાતિઓને માણસ તરીકેનું ગૌરવ અપાવવામાં સૌથી મોટો મદાર સરકાર પર રાખવાનો થાય અને તેમાં જ્યારે મદદ ના મળે ત્યારે સખત નિરાશા આવે. બસ એની જ કેટલીક વાતો અહીંયા રજૂ કરી છે. નિરાશ થયા વગર સતત લાગ્યા રહેવાની કાર્યકરોની ટેવને દાદ આપીએ છીએ.

### અમારા માટે નિતી ઘડનારા સચિવાલયમાં બેસે પણ એ તો દેખાયાય નહીં

સરકાર દ્વારા મળતી સુવિધા વિચરતી જાતિઓને મળે તે માટે છેલ્લા કેટલાય વર્ષોથી દર સોમવારે કલેક્ટર કચેરીના ધક્કા ખાઈએ છીએ. કેટલુંક કામ થાય પણ મોટાભાગનું બાકી જ રહે. છેવટે ગાંધીનગરમાં દર મંગળવારે મળતા મંત્રીઓને મળવાનું નક્કી કર્યું. વસાહતના દસ પંદર આગેવાનો સાથે ગાંધીનગર જવાનું VSSMની ટીમે નક્કી કર્યુ. પણ સવારે ઓફિસ પહોંચી તો






લગભગ ૬૦ વ્યક્તિ રાજકોટ, મોરબી વિસ્તારમાંથી પહોંચી આવ્યા હતા. તો એનાથીયે વધારે માણસો તો સચિવાલયના ગેટ નંબર એક પર પહોંચી ગયા હતા. ઓફિસ પર પહોંચેલા વ્યક્તિઓએ કહ્યું કે,

‘ગાંધીનગરમાં બેઠેલા અધિકારી અમારી વાત સાંભળશે ને તો એમનું હૈયુ યે હલી જશે. અમે ખુબ તકલીફો વેઠીએ છીએ.’

ગાંધીનગરમાં બેઠેલા તેમની વાત સાંભળી ઉકેલ આપી દે તે આદર્શ સ્થિતિ છે. પણ ના સાંભળે તો પણ તમારા માટે નિતી ઘડનારા ક્યાં બેસે છે તેની તમને ખબર પડે એ માટે પણ તમે ગાંધીનગર જઈને રજૂઆત કરો તેવી વાત તેમની સાથે કરી.

એક આશા સાથે ૧૫૦ વ્યક્તિઓ ગાંધીનગર સચિવાલય અને સ્વર્ણિમ સંકુલમાં પહોંચ્યા.

‘આહા ચેવડી મોટી જગ્યા પડી સ ઓય, અન જુઓ પોણીના તો ફુવારાય સ, મારુ બેટુ આ ખડય ચેવું નસીબદાર ઈન રોજ પોણી મલ.

અલ્યા આખું ગોંધીનગર જ મારું બેટુ નસીબદાર. સાહેબ (VSSMના કાર્યકરને સંબોધીને લૉન તરફ ઈશારો કરતા) ઓય છાપરાં ના નાખી હકાય? ઓયકણ રેતા હોઈએ તો કોય તકલીફ બકલીફ ના પડ. નજર હોમે જ સરકાર બેઠી હોય. કોય તકલીફ પડ ક સીધા હડીકાઢીન ઈમની કન પોંચી જવાય. પાસી પોણી બોણીની યે રોમાયણ નહી.’

સચિવાલયમાં દાખલ થતા જોયેલી લીલીછમ લોન, ખુલ્લી જગ્યા અને પાણીનાં ફુવારા જોઈને વિચરતી જાતિના ૧૫૦ વ્યક્તિઓને તો અહિંયા જ રેહવા મળી જાય તેવી લાગણી થઈ. વળી એમને ખબર નહોતી કે જે સરકારની વાત એ કરે છે જેમને મળવા તે આવ્યા છે તે કાંઈ આમ સરળતાથી મળવાની નહોતી. એટલે ઉપર બોલ્યા તેવો વાર્તાલાપ કર્યો.

મંત્રી શ્રી જ્યાં રોજ બેસતા ત્યાં બધાને પ્રવેશ આપવાની ના પાડવામાં આવી. કાર્યકર સાથે પાંચેક આગેવાનો તેમના પી.એ.ને મળ્યા અને વિધાનસભા ચાલુ હોવાથી મંત્રીશ્રી વિધાનસભામાં છે તેવી માહિતી મળી. વિધાનસભામાં બધાને પ્રવેશ ના મળ્યો. ફરી કાર્યકરો સાથે પાંચેક આગેવાન મંત્રીશ્રીને મળવા ગયા. મંત્રીશ્રીને વિચરતી જાતિના ૧૫૦ લોકો તેમના પ્રશ્નોની રજૂઆત માટે આવ્યાની વાત કરી પણ મંત્રી શ્રીએ બધાને મળવાની ના પાડી અને પાંચેક આગેવાનો પાસેથી જ તેમના પ્રશ્નો સાંભળી લીધા અને એક મહિનામાં તેનો ઉકેલ લાવવાની ખાત્રી આપી. જો કે આ વાત કરે છ મહિના કરતા વધારે સમય થયો છતાં કંઈ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી. મંત્રીશ્રીને મળવાની બધાની ઈચ્છા પણ પુર્ણ ના થઈ તેનો બધાને અફસોસ રહ્યો. સવારે ૧૦:૩૦ શરૂ કરેલી સચિવાલય યાત્રાનો સાજે ૬:૩૦ વાગ્યે અંત આવ્યો. ખાધા પીધા વગર લોકો મંત્રી શ્રી મળશે અને અમારા પ્રશ્નોનો આજે જ ઉકેલ આવી જશે તે આશાયે વિધાનસભાની સામે મોઢુ કરીને બેસી રહ્યા પણ સાંજ પડી તોય તેમની સામે જોવાનીય કોઈએ દરકાર સુદ્ધા ના કરી ત્યારે આજ લોકો બોલ્યા, ‘અલ્યા આતો મળવાનીયે ના પડતા તા, તો રેવા ચમના દે, એમના કેમેરામાં દેખઈયે નઈ એટલ પગથિયેય બેહવાની ના પાડતા તા તે ઓયકણ આશરો થોડ આલ...’

અહીંયા કોઈની ટીકા કરવાનો આશય નથી પણ એક સામાન્ય માણસ કેવી અપેક્ષા સાથે સચિવાલયના દ્વારા ખખડાવે છે તેની વાત મુકી છે. લોકોપ્રતિનિધિ તત્કાલ પ્રશ્ન કદાચ ના ઉકેલી શકે પણ તેમને મળીને સાંભળી તો શકે જ અને આટલું થાય તો પણ આ જાતિઓને એમનું કોઈક છે તેવો સ્નેહભાવ થાય પણ...

મંદિરમાં તો ભગવાનની મૂર્તિ દેખાય પણ અહિંયા અમારા માટે નિયમ ઘડનારા દેખાયા નહીં તેનો વસવસો આ પરિવારોને રહ્યો....

ખેર કામ થાય તેમાં રસ છે અને તે માટે બીજો રસ્તો સતત લખ્યા કરવાનો જે અમે અખત્યાર કર્યો છે...

### વિચરતી વિમુક્ત જાતિઓની યાદીમાં સુધારાની જરૂર

ગુજરાત સરકારે વિચરતી અને વિમુક્ત જાતિઓની યાદી ૧૯૬૩માં બનાવી. આ યાદી બન્યા પછી આજ સુધી તેમાં કોઈ સુધાર વધારો થયો નથી. હાલમાં સરકારે જાહેર કરેલી વિચરતી વિમુકત જાતિની યાદીમાં જેમનો સમાવેશ કર્યો છે તે જાતિઓ ગુજરાતના અલગ અલગ પ્રાંતમાં અલગ અલગ નામથી ઓળખાય છે. આ જાતિઓને મતદારકાર્ડ, રૅશનકાર્ડ મળી જાય પણ જાતિ પ્રમાણપત્ર વિચરતી જાતિનું મળે નહીં. દા.ત. ગાડલિયાનો સમાવેશ વિચરતી જાતિમાં થયો છે પણ ગાડલિયા સૌરાષ્ટ્રમાં 'ગાડલિયા લુહારિયા' તરીકે ઓળખા અને



તેમના ઓળખના આધારોમાં પણ તે જ લખાવે આવું જ નાથનું જેઓ ઉત્તર ગુજરાતમાં ભરથરી તરીકે ઓળખાય પણ ભરથરી વિચરતી જાતિની યાદીમાં નથી. વાદી વિચરતી જાતિની યાદીમાં ખરા પણ મદારી નહીં. ટૂંકમાં ગુજરાતમાં વિસ્તાર પ્રમાણે જુદા જુદા નામથી ઓળખાતી જાતિઓ અંગેની સ્પષ્ટતા નહીં. એટલે અધિકારી ૧૯૬૩ની યાદીમાં નામ ના હોય તેમને પ્રમાણપત્ર આપે નહીં અને પ્રમાણપત્ર ના અભાવે સરકારની કોઈ યોજનાની મદદ આ પરિવારોને મળે નહીં.

આ યાદીમાં નવી જાતિઓ નથી ઉમેરવાની પણ તેમાં ફક્ત પર્યાય ઉમેરવાના છે. આ અંગે ૨૦૧૪થી અમે સતત રજૂઆતો કરી રહ્યા છીએ. મુખ્યમંત્રીથી લઈને આ વિભાગના મંત્રી શ્રીને પણ મળ્યા પણ હજુ સુધી આ મુશ્કેલીનું સમાધાન થયું નથી. લોકો હાડમારી વેઠી રહ્યા છે પણ તેમના પ્રશ્ને દુર્લક્ષ સેવાઈ રહ્યું છે.

### વિચરતી જાતિની યાદીમાં મીર અને ફકીરનો ઉમેરો થાય તે ઈચ્છનીય



વિચરતી જાતિની હાલની યાદીમાં સતત વિચરણ કરતા મીર (રબારીઓના બારોટ) અને ફકીરનો સમાવેશ થયો નથી. આ બંને જાતિઓની આર્થિક હાલત અત્યંત દયનિય છે અને તેમનો સમાવેશ થાય તે માટે ૨૦૧૪થી રજૂઆતો કરી રહ્યા છીએ પણ નક્કર કશું જ થઈ નથી રહ્યું.



સરાકર દ્વારા વિચરતી-વિમુક્ત જાતિઓ સંદર્ભે યોગ્ય નીતિ વિષયક નિર્ણયો લેવાવા જોઈએ નહીં તો લોકોનો વિશ્વાસ સરકાર પ્રત્યે ઉઠી જશે.

### સરકારી કચેરીઓમાં મંજુરીની રાહે ફાઈલો...

વિચરતી વિમુક્ત જાતિઓને રહેણાંક અર્થે પ્લોટ ફાળવાય તે માટે જે તે જિલ્લા કલેક્ટર કચેરીમાં પ્લોટ માટે અરજી/દરખાસ્ત કરી. ક્યાંક અરજી/દરખાસ્ત કરે ૮ થી ૯ વર્ષનો સમય થયો છે તો ક્યાંક એકાદ વર્ષ પણ. કામની ગતિ ખુબ ધીમી છે. એક વખત કલેક્ટર શ્રી પોતે રસ લઈને જમીન શોધીને આ પરિવારોને ફાળવી દે તો આ કામ ઝટ પૂર્ણ થઈ જાય. ઘર વિહોણાને ઘર આપવાનો સંકલ્પ પૂર્ણ કરવા માટે સરકારે પોતે પણ આગળ આવવાનું કરવું પડશે નહીં તો વડાપ્રધાનશ્રીનું ૨૦૨૨માં તમામ ઘર વિહોણાને ઘર આપવાનું સ્વપ્ન કોઈ કાળે પૂર્ણ થવાનું નથી. સરકારની વિવિધ યોજનાની મદદ મેળવવા BPL યાદીમાં જે તે પરિવારનું નામ હોવું જરૂરી છે. આપણાં પરિવારોમાંથી ઘણાંના નામ આ યાદીમાં નથી આથી તેમને યોજનાની મદદ મળતી નથી. BPL યાદીમાં નામ દાખલ કરવા પણ અરજી/દરખાસ્ત કરી છે પણ તેનું કામ પણ થતું નથી. કંટાળીને કાર્યકર અરજી કરવાનું જ બંધ કરી દે છે. (અત્યાર સુધી કચેરીઓમાં પડેલી પડતર વસાહત અરજીઓની વિગત)

| ક્રમ | જિલ્લો | કલેક્ટર કચેરીમાં પ્લોટની માંગણી સંદર્ભે વસાહત દીઠ કરેલી અરજી | બી.પી.એલ.યાદીમાં નામ દાખલ કરવા વસાહત દીઠ કરેલી અરજી |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૬ વસાહત | ૧૦ વસાહત |
| ૨ | મહેસાણા | ૩૧ વસાહત | ૩ વસાહત |
| ૩ | ગાંધીનગર | ૮ વસાહત | ૨ વસાહત |
| ૪ | બનાસકાંઠા | ૬૯ વસાહત | ૧૦ વસાહત |
| ૫ | પાટણ | ૧૧ વસાહત | ૬ વસાહત |
| ૬ | સાબરકાંઠા | ૧૨ વસાહત | ૦ વસાહત |
| ૭ | સુરેન્દ્રનગર | ૪૨ વસાહત | ૧૧ વસાહત |
| ૮ | રાજકોટ | ૧૦ વસાહત | ૩ વસાહત |
| ૯ | અમરેલી | ૨૧ વસાહત | ૪ વસાહત |
| ૧૦ | મોરબી | ૨૦ વસાહત | ૫ વસાહત |
| ૧૧ | કચ્છ | ૫ વસાહત | ૦ વસાહત |
| ૧૨ | ગોધરા | ૧ વસાહત | ૦ વસાહત |
| ૧૩ | ભાવનગર | ૧ વસાહત | ૧ વસાહત |
| ૧૪ | બોટાદ | ૩ વસાહત | ૧ વસાહત |

રહેણાંક અર્થે પ્લોટ માટેની માંગણી ૨૬૧ વસાહતના ૫,૧૯૦ વ્યક્તિઓએ કરી. જ્યારે ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની જાહેર કરેલી યાદિમાં પોતાના નામનો સમાવેશ થાય તે માટે ૫૬ વસાહતના ૮૨૪ પરિવારોની અરજી કરી છે પણ હજુ સુધી તેમની અરજી અન્વયે કોઈ કામગીરી થઈ નથી.

# વગડાંમાંથી વહાલપની વસાહત



જેસડામાં બંધાઈ રહેલા વાંસફોડા પરિવારોના ઘરો

સદીઓથી લબાચા લઈને ગામે ગામ રઝળનાર આ પરિવારો માટે પોતાનું પાકુ ઘર હોવું એ સ્વપ્ન બરાબર છે. પોતાનું કોઈ ગામ ના હોવાના કારણે કાયમ ક્યાં વસવું તે પ્રશ્ન પણ સતત મૂંઝવતો હોય. આવામાં સરકારની રહેમથી પ્લોટ મળી જાય તો ગંગા નાહ્યા જેવું લાગે. પણ ઘર બાંધકામ માટે પ્લોટ મળી જવાથી વાત પૂરી થતી નથી. એ પ્લોટ પર પોતાની કલ્પના પ્રમાણેનો મહેલ ચણાતા વર્ષો લાગી જાય અને એ માટે કાંઈ કેટલીયે મુશ્કેલીઓ વેઠવાની થાય. જેમ કે,

(૧) ઘર બાંધકામ માટે ગામનો વિરોધ

(૨) સરકારી સહાય મેળવવામાં તકલીફ

(૩) ઘર બાંધકામના સ્થળે પાણી અને લાઈટની સુવિધા ના હોવી

(૪) આર્થિક તંગીના કારણે ઘરોનું બાંધકામ ઝડપથી થઈ ના શકે વગેરે...

ઉપરોક્ત પડકારોની વચ્ચે ધીમે ધીમે પોતાની રીતે ઘરો બનાવવાનું આ પરિવારો કરે. આપણે તેમની સાથે બસ ઊભા રહેવાનું અને ક્યારેક પીઠ પર હાથ રાખીને ચિંતા ના કરો બધુ સરસ થશે તે કહેવાનું. આપણી આ વાત તેમને હિંમત આપે છે અને પોતાની રીતે તેઓ સુંદર ઘરો બધા જ અવરોધોની વચમાં બનાવે છે. હા, ઘર બનાવવામાં ખુબ વાર થાય છે પણ મરજી પ્રમાણેનું ઘર બનાવશે તો રહેશે પણ આનંદથી.

ખુબ મોટી વસ્તી ધરાવતી વિચરતી જાતિઓના સાવ નગણ્ય કહી શકાય તેટલા પરિવારોના



ઘરો બનાવવામાં આપ સૌ સ્વજનોના સહયોગ થકી નિમિત્ત બનવાનું થયું છે જેની વિગત જોઈએ...

**(૧) ગામ : જેસડા, તા: સમી, જી: પાટણ, કુલ પરિવારો : ૮, સમુદાય: વાંસફોડા વાદી**

આઠ પરિવારોના ઘર બે વર્ષથી બંધાઈ રહ્યા છે જે પૂર્ણ થવાના આરે છે. સરકાર દ્વારા ઘર બાંધકામ માટે રૂા.૭૦,૦૦૦ની સહાય આપવામાં આવી છે. જો કે સહાયનો છેલ્લો હપ્તો હજુ બાકી છે. જે મળતા ઘરનું પ્લાસ્ટરનું કામ થશે. આ સિવાય સંસ્થાગત રીતે આપણે પણ વિવિધ સ્વજનોની મદદથી પ્રત્યેક પરિવારને રૂા.૨૫,૦૦૦ની મદદ ઘર બાંધકામ માટે કરી. જેમાંથી શૌચાલય સાથેના ઘરો આ પરિવારો લગભગ બે મહિનામાં પૂર્ણ કરશે.



ધ્રાંગધ્રામાં બંધાઈ રહેલા વાદી પરિવારોના ઘરો

**(૩) ગામ : ધ્રાંગધ્રા, તા: ધ્રાંગધ્રા, જી: સુરેન્દ્રનગર, કુલ પરિવારો : ૧૫૩, સમુદાય: વાદી**

ધ્રાંગધ્રામાં ૧૫૩ વાદી પરિવારોને રહેણાંક અર્થે પ્લોટ મળ્યા અને બે વર્ષ પહેલાં ૧૧૫ પરિવારોએ પોતાના ઘર અને શૌચાલયનું બાંધકામ શરૂ કર્યું. પણ આ કામ સળંગ ચાલતું નથી. સાપનો ખેલ કરનાર વાદીનો સાપના ખેલ કરવાનો પરંપરાગત વ્યવસાય પડી ભાંગ્યો છે. તેઓમાંના મોટાભાગના ભીખ માંગવાના કામો સાથે જોડાઈ ગયા છે. જે માટે વર્ષનો ઘણો ખરો ભાગ તેઓ વિચરણ કરે છે. આપણે તેમને આમાંથી બહાર કાઢવા કોશીશ કરી રહ્યા છીએ. કેટલાકને નવા ધંધા રોજગાર માટે વગર વ્યાજે લોન પણ આપી છે પણ બદલાવ આવતા ઘણો સમય જશે.

૧૧૫ પરિવારો સતત હાજર રહે તો ઘરનું કામ થાય નહીં તો ઘર બાંધવાનું શક્ય નથી. આપણે તેઓ સતત હાજર રહીને કામ પૂર્ણ કરે તે માટે કોશીશ કરી રહ્યા છીએ. પણ હાલના સંજોગોમાં આ ઝડપથી પતે તેવું કામ નથી લાગતું નથી તે હકિકત છે.



ધ્રાંગધ્રામાં બંધાઈ રહેલા વાદી પરિવારોના ઘરો

**(૪) ગામ : ચાણસ્મા, તા: ચાણસ્મા, જી: પાટણ, કુલ પરિવારો : ૧૦, સમુદાય: વાંસફોડા વાદી અને સરાણિયા**

પાટણ જિલ્લાના ચાણસ્મામાં વાંસફોડા વાદી અને સરાણિયા સમુદાયના ૧૦ પરિવારોને સરકાર દ્વારા ઘર બાંધકામ માટે પ્લોટ ફાળવાયા છે. જે જગ્યા પર પ્લોટ

ફાળવ્યા છે તેની આસપાસ રહેતા લોકો આ પરિવારોના ઘર બાંધવા સામે વિરોધ કરી રહ્યા છે. પણ આપણે સાથે રહીને આ પરિવારોના ઘરો પૂર્ણ કરાવીશું.

તેમના પ્લોટની માપણી થઈ ગઈ છે. હવે પાયા ખોદવાનું કામ શરૂ કરાશે. સરકાર દ્વારા પ્રત્યેક પરિવારને ઘર બાંધકામ માટે રૂા.૭૦,૦૦૦ની સહાય પણ મળશે અને તે માટેની અરજીઓ પણ કરી દેવામાં આવી છે.

**(૫) ગામ : રણુજ, તા: પાટણ, જી: પાટણ, કુલ પરિવારો : ૧૦, સમુદાય: વાંસફોડા વાદી**

પાટણ જિલ્લાના રણુજમાં વાંસફોડા વાદી સમુદાયના ૧૦ પરિવારો છે. તેમને પણ તાજેતરમાં રહેણાંક અર્થે પ્લોટ ફાળવાયા છે અને મકાન બાંધકામ માટે રૂા. ૭૦,૦૦૦ મળશે. પૈસા મળતા જ કામ શરૂ થશે. હાલમાં પ્લોટની માપણી થઈ ગઈ છે.

**(૬) ગામ: જૂના ડીસા તા: ડીસા, જી: બનાસકાંઠા, કુલ પરિવારો : ૧૪૩, સમુદાય: નટ, ઓડ, રાવળ, વણઝારા, બજાણિયા,**

બનાસકાંઠાના જુના ડીસામાં ૧૪૩ પરિવારોને ૨૦૧૧માં રહેણાંક અર્થે પ્લોટ મળ્યા. પણ પ્લોટનો કબજો મળતો ના હોવાના કારણે ત્યાં કોઈ કામ થઈ શકતું નથી. કલેક્ટર શ્રીની મદદથી આ જગ્યા પરનું દબાણ દુર કરાવી ત્યાં ઘરોનું બાંધકામ શરૂ કરાવ્યું. સરકારે પ્રત્યેક પરિવારને રૂા.૪૫,૦૦૦ મકાન બાંધકામ માટે આપ્યા તથા સંસ્થાગત રીતે વિવિધ દાતાઓની મદદથી આપણે રૂા.૨૫,૦૦૦ ઘર બાંધકામ માટે તથા રૂા.૧૫,૫૦૦ સેનીટેશન યુનીટ માટે પ્રત્યેક પરિવારને આપ્યા.

આ પરિવારોએ ખુબ મહેનત કરીને ધીમે ધીમે સુંદર વસાહત બનાવી છે. હજુ કેટલાક પરિવારોના ઘરો પૂર્ણ થવાના બાકી છે. પણ જેમ જેમ પૈસા ભેગા થતા જાય તેમ તેમ તેઓ કામ કરતા જાય છે. મોટાભાગના પરિવારોના ઘરો પૂર્ણ થઈ ગયા છે. તેમની ત્યાં રહેવા આવવાની ઈચ્છા છે પણ સરકારે આ વસાહતમાં હજુ લાઈટ અને પાણીની વ્યવસ્થા કરી નથી. આથી ત્યાં રહી શકાય તેમ નથી. આપણે લાઈટ અને પાણીની વ્યવસ્થા માટે ખુબ રજુઆત છેલ્લા ત્રણ વર્ષથી કરી રહ્યા છીએ. પણ અત્યાર સુધી કશું થયું નથી. આશા છે ઝડપથી લાઈટ અને પાણીની સુવિધા થાય અને આ પરિવારો ઝડપથી પોતાના સુંદર ઘરમાં રહેવા માટે જાય.



જૂના ડીસામાં બંધાઈ રહેલા વિચરતી જાતિના ઘરો



## સ્વાવલંબન



વગર વ્યાજની લોન લઈને સ્વતંત્ર ધંધો કરનાર પાનેતરબહેન પોતાના ધંધા સાથે

આર્થિક સદ્ધરતા વ્યક્તિ સાથે જોડાયેલા ઘણા પ્રશ્નોનો હલ છે. વિચરતી જાતિઓમાં વગર વ્યાજે લોન આપવાનું કેટલું કારગત નિવડે તેનો જરાય ખ્યાલ નહોતો પણ આજે સ્વાવલંબનના નેજા હેઠળ ચાલતો આ કાર્યક્રમ વિચરતી જાતિઓના જીવનમાં ઊજાસ પાથરવામાં નોંધપાત્ર બની રહ્યો છે. પડકારો ઘણા છે પણ એ તો ઝીલવાના છે અને કદાચ પડકારો હોવાના કારણે જ આપણે છીએ. પણ લોકોને સ્વાવલંબિત કરી શકીએ અને તેમની જરૂરિયાતના પ્રસંગે તેમની પાસે આવીને ઊભા રહી શકીએ તેનાથી રૂડુ બીજું શું હોઈ શકે? આપણે હોટલમાં જમવા જઈએ અને જે બીલ ચુકવીએ તેટલી રકમમાં કોઈ વ્યક્તિ સ્વતંત્ર ધંધો કરી શકે? દસ હજાર કે પાંચ હજારમાં લોકોના જીવનમાં બદલાવ આવી શકે? આપણે જે જીંદગી જીવીએ છીએ તેમાં તો આ કલ્પના બહારનું છે. પણ નાની અમથી લાગતી આ રકમની લોન લઈને લોકો ધંધો કરતા થયા છે અને તેમની જીંદગી બદલાઈ રહી છે.

લોન આપવાની સાથે જુદા જ પ્રકારની પરિવાર ભાવના પણ લોકોમાં બની રહી છે. સંસ્થા અને સંસ્થા સાથે સંકળાયલા શુભેચ્છક સ્વજનો અમારી સાથે છે તેવો કૃતજ્ઞભાવ તેમનામાં આવવા માંડ્યો છે. વળી 'તમે સૌ અજાણ્યા અમને આવી રીતે હૂંફ આપો છો તો અમારે અમારા પરિવારના કોઈ નબળાને મદદ કરવી જોઈએ' તેવું માનીને લોકો પોતાના કુટુંબના નબળા સ્વજનને મદદ કરતા પણ થયા છે. આમ ખરા અર્થમાં સમાજ પરિવર્તનની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

આપણી ઉપર પણ એક જુદો અધિકારભાવ આ સમુદાય વ્યક્ત કરે છે. જેમ કે, સંસ્થાના કાર્યલય પર આવીને 'બેન મદદ કરશો' તેવું બોલવાની જગ્યાએ 'બેન વીસ હજાર આપવા પડશે' તેવું કહેતા થયા છે. આમાં દાદાગીરી નથી પણ આપણે તેમનામાંના છીએ એટલે અધિકારભાવથી માંગી શકાય તેવો ભાવ તેની પાછળ સ્પષ્ટ દેખાય છે.

આપણો સ્વીકાર થયો છે અને એટલે સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવતી લોનનો કાર્યક્રમ સફળ થવાનો તે ચોક્કસ.

## 'વગર વ્યાજે લોન' લઈને પોતાની રીતે પગભર થઈ ધંધો કરનાર વ્યક્તિઓ વિષે...

### હવે અમારા દિ વળ્યા..

'પાંચ રૂપિયાનું મરચું, પાંચનું તેલ આ બધુ રોજ રોજ લાવીને ખાવાનું બંધ કરવું હોય અને અમે કહીએ એમ ચાલવું હોય તો લોન આપું.'

'પણ સાહેબ અમારી પાહે પૈસા જ નથ. પૈસા હોત તો શાહુકાર લોકની જેમ હામટુ કરિયાણું ભરાવી હકીએ ને? રોજ ધંધા કરીએ અને કમાઈએ એમાંથી જ જીંદગી ચાલે.'

'અમે તમને ૧૦,૦૦૦ની લોન આપીએ એમાંથી તમારે ૨,૦૦૦નું કરિયાણું ભરાવવાનું, ૬,૦૦૦નો સામાન લોખંડમાંથી તવી, તાવેતા, ઝારા બનાવવા લાવવાનો અને ૨,૦૦૦ ખર્ચી માટે હાથ પર રાખવાના. વળી દસે ગાડલિયા પરિવારોએ લોનની રકમમાંથી ભેગા થઈને જ કરિયાણું અને ધંધો કરવાનો સામાન લાવવાનો, અમારી આ વાત મંજુર હોય તો જ અમે લોન આપીશું.'

'હા સાહેબ એમ કરો.'

ગાડલિયા રોજ ૨૦૦ કે ૩૦૦નું લોખંડ લાવીને સામાન બનાવે અને રોજ વેપારીને વેચે. જે આવક થાય તેમાંથી નવું લોખંડ ખરીદે અને બે ટંક ચાલે એટલું કરિયાણું લાવે. આમ તો દરેક ગરીબ અને વંચિતોનું જીવન આવું જ હોય. પણ આપણે વિચરતી જાતિને ફક્ત લોન આપવાનું જ નથી કરતા લોન આપ્યા પછી તેનો સરખો ઉપયોગ કરતા પણ આપણે શીખવીએ છીએ. એટલે આપણે ગાડલિયા પરિવારોને લોન આપવાની સાથે ખુબ જ નાનુ આયોજન શીખવ્યું. ૧૦ પરિવારોએ ભેગા થઈને હોલસેલમાં કરિયાણું ખરીદવાનું અને લોખંડનો સામાન ખરીદવાનું કર્યું. ધંધાનો સામાન એક સામટો મળતા દસ દિવસ સૌએ બેસીને કામ કર્યું અને પછી સામાન વેચવા ગયા એટલે ભાવ પણ સરસ મળ્યો.હવે આ નિત્યક્રમ થઈ ગયો છે.


અહેસાનબહેન પોતાના ધંધા સાથે

પાંચ વ્યક્તિઓને દસ દસ હજાર એમ કુલ પચાસ હજાર લોન પેટે આપેલા.સરસ નફો થયો. એમણે ફરી વીસ વીસ હજારની લોન માંગી. દસ વ્યક્તિઓને બે લાખ લોન પેટે આપ્યા અને એ બે લાખ અમે કહ્યું તે પ્રમાણે ખર્ચ કર્યા. હવે ગાડલિયાના જીવનમાં ઘણો ફરક પડ્યો છે. તેઓ ઘર બનાવવા પૈસા ભેગા કરી રહ્યાં છે. કોઈએ પાંચ તો કોઈએ સાત હજાર સુધીની બચત કરી છે. જે ઉત્તરોત્તર વધી રહી છે.




વી.એસ.એસ.એમ.માંથી સ્વતંત્ર વ્યવસાય માટે મળેલા લોનના ચેક સાથે

જીંદગી બદલાઈ રહી છે. મોસમબેન, પાનોતરબેન, એહસાનબેન, પુંજીરામ, સેવકરામ વગેરે સૌએ દારૂના વ્યસનને ત્યજ્યું છે. મહેમાન પાછળ માંસાહાર અને દારૂનો ખર્ચ થતો તે પણ તેમણે બંધ કર્યો છે. મહેમાનોને મીઠાભોજન મળશે તેવું ગાડલિયા નાતમાં તેમણે જાહેર કરી દીધું છે.

### વેપારી છેતરે છે તેવો ખ્યાલ આવ્યો

'વર્ષોથી અમે ધંધો જ કરતા પણ ધંધો કરવાની હાચી હમજ જ હમણાંથી પડવા માંડી. નકર ૧૦ ટકે ને ક્યારેક તો ૨૦ ટકે પૈસા લાવીને ધંધામાં નાંખતા. પણ હિસાબ કોય દાડો માંડ્યો નોતો એટલે ખબર નોતી પડતી કે કેટલું મળતર મળે. આખા ઘરના લોકો મહેનત કરીએ તોય ઊંચા જ ના આવીએ.'

રાજકોટમાં રહેતા કાંગસિયા સમાજના ૨૦ લોકોને તેમનો ધંધો વધારવા લોન આપી તે વેળા ખોડુભાઈ કાંગસિયાએ આ વાત કરી. ધંધો આવડે પણ ભણતર નહીં એટલે જે વેપારી પાસેથી માલ ખરીદે એ જે બીલ આપે તેમાં અને વેપારી દ્વારા મૌખિક રીતે જે તે વસ્તુઓના ભાવ કહેવામાં આવે તેમાં ઘણો ફરક પડી જાય. પણ આ ફરકની ગણતરી કાંગસિયાને આવડે નહીં. માલ ખરીદવા ગયેલા કાંગસિયાને વેપારી લોજમાં જમાડે એટલે તેમને તો વેપારી ભગવાન જેવો ગરીબોની ચિંતા કરવાવાળો લાગે. પણ આ વખતે સામાન ખરીદ્યા પછીના બીલ જ્યારે VSSMનાં કાર્યકર કનુભાઈ અને છાયાબહેને જોયા ત્યારે ખબર પડી કે વેપારી ગોટાળો કરે છે. છેતરાયા છીએ તેવો અહેસાસ કાંગસિયાઓને થયો. વળી સામાન ખરીદવા દરેક વ્યક્તિ જુદો જુદો જાય એટલે વેપારી પણ ઈચ્છા મુજબના ભાવ લે.

ધંધો વધારવા VSSMમાંથી લોન માટે આ પરિવારોએ અરજી કરી. આપણે તેમને રાજકોટની જગ્યાએ અમદાવાદથી સામાન ખરીદવા અને બધા જ પરિવારો એક સામટો સામાન લાવે તો જ લોન આપીશું તેવી શરત કરી. રાજકોટના વેપારીઓ પણ અમદાવાદથી સામાન લાવે તો આપણે પણ અમદાવાદથી સામાન ખરીદીએ તો કેટલો ફાયદો થાય તેની ગણતરી પણ સમજાવી અને લોકો એ સમજ્યા.

તમામ કાંગસિયાની સહકારી મંડળી બને અને મંડળીના નેજા હેઠળ તેઓ કામ કરતા થાય તેમ કરવાનું આયોજન છે. જો કે અઘરું છે અંદર અંદર એકબીજા પર ભરોસો નથી. રાજકોટમાં

રહેતા ૩૦ પરિવારો આજે સાથે આવ્યા છે એટલે એક આશા બંધાઈ છે. આ રીતે બીજા પણ આવતા જશે તેવો ભરોસો થવા માંડ્યો છે અને આ થશે તો ઉત્તમ કામ થઈ શકશે.

### બચત કરતાં શીખ્યા...

'બેન સંસ્થાએ મદદ નો કરી હોત ને તો કોય દી બચતનું મહત્ત્વ હમજ્યો જ ના હોત. આજે મારી પાહે સત્તર હજારનો દાગીનો અને પંદર હજાર રોકડા બેંકમાં જમા સે.'


બચત કરવાનું શીખેલા જીવાભાઈ મારવાડી તેમનાં પત્ની સાથે

૧૦,૦૦૦ની લોન રાજકોટમાં રહેતા જીવાભાઈ મારવાડી દેવીપૂજકને સીઝનલ ધંધો કરવા માટે આપી. ભંગાર ભેગો કરવાનું કામ કરતા જીવાભાઈ પહેલા થોડો થોડો ભંગાર ભેગો કરે અને રોજ સાંજે વેચી દે. પણ એમાં ધાર્યા પૈસા ન મળે પણ રૂા. ૧૦,૦૦૦ની લોન માંથી એક સાથે સાત હજારનો ભંગાર ભેગો કરીને વેચ્યો અને ઘણો નફો થયો. પછી વધુ સારી રીતે ધંધો કરવા VSSMમાંથી પાછી ૪૦,૦૦૦ની લોન લીધી. બેંકમાં જવું જરાય ન ગમે પણ દર મહિને હપ્તા સાથે બચતનો હિસાબ VSSMના કાર્યકર કનુભાઈને આપવાનો એટલે બીકના માર્યા પરાણે બેંકમાં ગયા અને બચત ૧૫,૦૦૦એ પહોંચાડી.

કલ્પના પણ ના આવે કે આટલી નાની રકમથી કોઈની જીંદગી બદલાઈ શકે. પણ નજર સામે આવો બદલાવ જોઈએ ત્યારે રાજી થવાય.

'અમે ગરીબ સરકાર અમને મદદ કરે' તેવો ભાવ દરેક વંચિતને હોય અને અમે પણ એમ માનીએ કે સરકારે આવા લોકોને ટેકો કરવો જોઈએ પણ જીવાભાઈ જેવા અન્ય જાતે બેઠા થવાનું સ્વપ્ન જોતા થઈ જાય તો સરકારની મદદની જરૂર જ નહીં રહે... જો કે જીવાભાઈ પણ, 'સરકાર આપે તો ઠીક નહીં તો હાલમાં ધંધો કરું છું ને એ રીતે પાંચ વરસ કરીશ તો પોતાનું ઘર લઈ શકીશ.' એમ કહેતા થઈ ગયા છે. તેમને પોતાનામાં વિશ્વાસ આવવા માંડ્યો છે. લગભગ દોઢ વર્ષમાં ઉપર જણાવેલી બચત સાથે બાળકોને સારી નિશાળમાં ભણાવવાનુ પણ તેઓ કરે છે.

### હવે ફાટેલું લૂગડું નહીં પહેરુ

'બેન રોજના ૫૦ રૂપિયા બચાવુંસુ અન ઈમોથી જ રૂપિયા અઢાર હજારની હોનાની બુટ્ટી અને કોનની હેરો કરાઈ. હમણા પાસા બીજા હાત હજાર ભેગા થ્યા તે ઈમોંથી હોનાનું લોકેટ કરાયું.' એમ કહીને ઝેબરબેને કાનની બુટ્ટી અને ગળામાં પહેરેલું લોકેટ હરખથી બતાવ્યું.

'ધંધો કેવો થાય છે?'

હસીને 'ખૂબ હારો, છોકરા બલ્લે ખુબ મેનત કરી. કોય દાડો હારા લૂંગડાંય નહીં પેરયા. ઈના બાપાન અટક આયુ તે તાકડે તમે મદદ ના કરી હોત ન તો... એ બીજી લાઈને ચડી ગ્યા તા પણ હવ બધુ હારું સ. રીક્ષા બલ્લે તમે લોણ (Loan) આલીન તારથી એય હારો ધંધો કરહ. તમે વીહ હજાર આલ્યા ઈમોથી આ દુકાન હરખી કરાઈ અને ઈમન રીક્ષાના કોક ભરવાના બાચી હતા તે આલ્યા.'



'બચત કરો છો?'

'હકન, પણ હવ કોઈન પૈસા નહીં આલતી, મન ગમ ન ઈમાં વાપરું, હોનું પેરવાનું કુન મન ના હોય? હવ પૈસા ભેગા કરીને હોનું લઉસુ અન હવ એકેય લુગડુ ફાટેલું નહીં પેરતી. ખૂબ ઢહેડા કર્યા પણ ભગવોને હવ હોમુ તાચ્યું.'


ઝેબરબહેન પોતાની દુકાનમમાં

દુકાનમાં ગેસ પડેલો જોઈન હું કાંઈક પુછું એની પહેલા જ એ મારો પ્રશ્ન જાણે સમજી ગયા હોય તેમ બોલ્યા. 'મેમોન પરુણાન ઓયકણ જ ચા પીવડાઈ દઉ. વેપારમોંથી વખત ના મલ તો ઓયકણ જ રોંધીયે દઉ સું.'

ઝેબરબેન રાવળ ડીસામાં રહે. સારા કપડા અને ઘરેણાં પહેરવાની ઈચ્છા દરેક સ્ત્રીને હોય, પણ દુનિયાની ઘણીએ સ્ત્રીઓની આ ઈચ્છા એ ખાલી ઈચ્છા જ રહી જાય ત્યારે ઝેબરબેને પોતાનો વિચાર કર્યો. તે અદભૂત છે...

આપેલું આવું ઊગી નીકળશે તેની તો કલ્પનાયે નહોતી. પણ આનંદ... અને આ કામમાં મદદ કરનાર સૌની વિચરતી જાતિની ભાષામાં કહું તો... “જે...”

### આર્થિક સદ્ધરતા તરફના ડગમાં પડકારો :

૧. બચતની સમજણ નથી.

૨. પરિવારના વ્યક્તિઓમાં પણ અવિશ્વાસ ખુબ છે એટલે જૂથમાં ધંધો કરવાનું તેઓ કરતા નથી. અમુક વ્યવસાય ભેગા થઈ ને કરે તો ઘણો ફાયદો થાય પણ અવિશ્વાસના કારણે તે શક્ય બનતું નથી.

૩. જે દિવસે વકરો સારો થાય તો તે વકરાના પૈસા જ્યાં સુધી પતે નહીં ત્યાં સુધી ધંધા માટે જવાનું નહીં.આમ લાંબુ વિચારવાનું કરતા નથી.

૪. લોનના હપ્તા ભરવામાં નિયમિતતા જળવાતી નથી. પૈસા નથી ભરવા તેવો ઈરાદો નથી પણ મહિનો, તારીખ એની સમજણ નથી. એટલે જ્યારે હાથમાં પૈસા આવે અને યોગ્ય લાગે ત્યારે ભરે.

૫. શહેરમાં રહેતી વિચરતી જાતિઓની વસાહતોમાં હવે ફાયનાન્સ કંપનીઓ, સ્થાનિક માથાભારે માણસો દ્વારા પચીસ થી ત્રીસ ટકા ક્યારેક તો એનાથીએ વધારે વ્યાજ દરે પૈસા ધીરે

છે. ડુબતો તરણું શોધે તેમ આકસ્મિક સંજોગો આવી પડે અને પૈસા લેવાઈ જાય પછી તેની હાલત ખરાબ થઈ જાય છે. મોટાભાગે બિમારીના સંજોગોમાં જ આ પ્રકારે પૈસા લેવાનું થાય છે. આવા લોકો પાસેથી લીધેલા પૈસાની ચૂકવણીમાં માણસો માનસિક રીતે ખતમ થઈ જતા પણ જોઈ શકાય છે. આવા ધીરાણોને રોકવા તે મોટો પડકાર છે.

## ડીસામાં પચાસ પરિવારોને ઘર માટે લોન

આપણે વિચરતી જાતિના પરિવારોને ધંધા રોજગાર માટે જ વગર વ્યાજે લોન આપવાનું નક્કી કર્યું અને તેમાં આપણે ધીમી ગતિએ પણ સફળતા પૂર્વક આગળ વધી રહ્યા હતા. પરંતુ, ધીમે ધીમે ઘર બાંધકામ કે ઘરને ઠીક કરવા માટે લોન આપવા માટેની અરજીઓ સમુદાયમાંથી આવવા માંડી. પહેલાં તો અન્ય બાબતોને લઈને લોન ના આપવી તેવું પણ થયું પણ પછી થયું કે, આપણે તો આ સમુદાયને સમગ્ર રીતે બેઠો કરવાનું સ્વીકાર્યું છે તો પછી આ લોન માટે પણ ના પાડવાનો અધિકાર નથી. વળી આપણે ના પાડી તો એ પોતાના સ્વપ્નના ઘરમાં જઈ જ નહીં શકે. આખરે આવી લોન આપવાનું પણ આપણે શરૂ કર્યું.



ઘર માટે લોનની ઈચ્છા રાખનાર પરિવારો સાથે બેઠક

ડીસામાં છાપરાં કરીને રહેતા ૫૦ ઘર વિહોણા પરિવારોને ૩૦૦ સ્કે.ફૂટનું ઘર આપવાનો સંકલ્પ ડીસા નગરપાલિકાએ સેવ્યો. 'રાજીવગાંધી આવાસ યોજના' અંતર્ગત મળનાર આ ઘરની કિંમત રૂા. ૩.૫૦ લાખ જેટલી થાય પણ ગરીબ પરિવારને રૂા.૬૦,૦૦૦માં ઘર આપવાનું



રેખાબહેન પહેલા જે ઘરમાં રહેતાં તે



રેખાબહેન પોતાના માલિકીના ઘરમાં



સરકારે નક્કી કર્યું. જો કે આપણે જેમની સાથે કામ કરીએ છીએ તેના માટે આ રકમ પણ પહાડ જેવડી છે. નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી અને અન્ય અધિકારીગણ ખુબ લાગણીશીલ તેમણે ઘરવિહોણા વિચરતી જાતિઓના પરિવારોને પૈસા ના અભાવે ઘર ના મળે તેવું ના થાય તે માટે સમાજ કલ્યાણ અધિકારીને વાત કરી અને રૂા.૪૫,૦૦૦ની સહાય અપાવી. બાકીના પંદર હજારની સગવડ પરિવારોએ પોતે કરવાની હતી. પણ આ પરિવારો ખુબ જ ગરીબ કેટલાક પરિવારો તો તદ્દન અશક્ત.

તેમણે સંસ્થા પાસેથી ઘર માટે રૂા. ૧૦,૦૦૦ની વગર વ્યાજે લોન માંગી અને રૂા.૫,૦૦૦ની સગવડ પોતાની મેળે કરશે તેવું કહ્યું. આપણે ૫૦ પરિવારોને રૂા.૧૦,૦૦૦ લેખે કુલ પાંચ લાખની લોન ઘર માટે આપી અને પરિવારો ઘરવાળા થયા. હા ઘર મળ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે ફ્લેટમાં ચુલો ક્યાં કરવો? પ્રધાનમંત્રીએ 'ઉજવલા યોજના' અંતર્ગત ગેસ આપવાની જાહેરાત કરી. ખુબ લોકોને ફાયદો થયો પણ BPL લીસ્ટમાં હોય તેને જ ગેસ મળે જ્યારે વિચરતી જાતિના ઘણા ખરા લોકોના નામ આ લીસ્ટમાં નથી. ફ્લેટમાં ચુલો ક્યાં કરવો તે મૂંઝવી રહ્યું છે કેટલાકે કર્યો તો આખો ફ્લેટ કાળો થયો. ગેસ કે પ્રાયમસનો પ્રયત્ન કરીશું. પણ આ લોકો ખરા હકદાર છે તેમને આ યોજનાની મદદ મળે તેમ થવું જ જોઈએ...

## 'હું મરી જઉં તો મારા બાળકોને સાચવજો'

રમેશભાઈ નટ ડીસામાં રહે. ડાયાબિટીસની સખત બિમારી. તબિયત સતત બગડી રહી હતી. તેમના બાળકો અમારી હોસ્ટેલમાં ભણે. રમેશભાઈ તેમની પત્નિ સાથે તેમની દિકરી ઉર્મિલાને મળવા હોસ્ટેલ પર આવ્યા.

'તબિયત સાથ નથી આપી રહી. હું મરી જઉ તો મારા બાળકોને સાચવજો' એવું બોલીને એ રડી પડ્યા.

દિકરી ઉર્મિલા અને તેમના પત્ની પણ રડે. અમે સારું થશે એમ કહીને હૈયાધારણા આપી અને તેમની ડાયાબિટીસની ટ્રીટમેન્ટ શરૂ કરાવી. તેમની તબિયત સુધરી.

ખેલ કરનાર રમેશભાઈ પાસે પોતાનું ઘર નહોતું. પોતાનું ઘર હોવાનું સુખ જેની પાસે પોતાનું ઘર નથી એવા વ્યક્તિને મળીએ ત્યારે સમજાય. જો કે આપણી પાસે તો પૈસા છે એટલે જ્યાં લાઈટ પાણીની સુવિધા છે તેવું ઘર ભાડેથી લઈ લઈએ. તેમ છતાં પોતાનું એ પોતાનું એવું આપણે વાત વાતમાં બોલીએ. પણ જેની પાસે ભાડેથી ઘર લેવાના પૈસા નથી. તેવા વ્યક્તિ પાસે તો સરકારી ખરાબામાં છાપરાં નાખવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી.



રમેશભાઈ અને તેમના પત્નિ પોતાનું ઘર બતાવતાં

વિચરતી જાતિના પરિવારો આવી જ હાલતમાં જીવે. રમેશભાઈ નટની પણ આવી જ સ્થિતિ. છેવટે સરકારમાં અમારી રજૂઆતોથી રમેશભાઈને અને તેમના જેવા ૧૪૩ પરિવારોને જુનાડીસામાં પ્લોટ મળ્યા. સરકારે ૪૫,૦૦૦ મકાન બાંધવા આપ્યા. VSSM સાથે સંકળાયેલા સૌ દાતાઓએ પણ પ્રત્યેક ઘર દીઠ ૪૦,૦૦૦ની મદદ કરી. રમેશભાઈએ VSSMમાંથી ૨૦,૦૦૦ની લોન લીધી અને થોડી બચત ઉમેરી ફોટોમાં દેખાય છે તેવું સરસ ઘર બનાવ્યું. હજું થોડું કામ બાકી છે. 'પણ બેન તમે જેમ કહેશો એવું ઘર બનાવવું છે. તમે ઘર ફરતે વંડી ચણવાનું કીધું છે ને તે એના પૈસા ભેગા કરું છું. તમે રાજી થઈ જાવ એવું ઘર બનાવવું છે.' હું જૂના ડીસા વસાહતનું કામ જોવા ગઈ ત્યારે તેમણે હસતા મોઢે આ કહ્યું અને પોતાનું ઘર બતાવ્યું સાથે ફોટો પણ પડાવ્યો.

રમેશભાઈ દોરડા પર ખેલ કરે. તેમના ખેલના સાધનો જેવા કે, વાંસ અને અન્ય જર્જરીત થઈ ગયા હતા.

આમેય જીવના જોખમે ખેલ કરતા હોય ત્યારે સાધનોની મર્યાદાના કારણે હાની ના થાય તે માટે સાધનો ખરીદવા રૂા.૧૦,૦૦૦ની લોન આપી. તેમણે માનભેર લોન ભરપાઈ પણ કરી.

## વિવિધ વ્યવસાયો માટે આપવામાં આવેલી લોન

આપણે માર્ચ ૨૦૧૪થી વગર વ્યાજની લોન આપવાનું શરૂ કર્યું અને આજ સુધી આપણે ૧૨૬૦ લોકોને વિવિધ વ્યવસાયો માટે કુલ રૂા.૩.૦૧ કરોડ લોન પેટે આપ્યા છે. લોનની રકમ ઓછી છે પણ આ રકમ રોટેટ થાય છે. એટલે કે પરત આવ્યા પછી ફરી આપી. એમ કુલ અત્યાર સુધી ૩ કરોડ ઉપરાંતની રકમ લોન પેટે અપાઈ છે જે સમજવા ખાતર. હાલમાં રૂા.૧.૬૦ કરોડનું લોન સંદર્ભનું ભંડોળ સંસ્થા પાસે છે. આ ભંડોળ રૂા.૨.૮૫ કરોડ સુધી પહોંચાડવાનું નક્કી કર્યું છે. આપ સૌ સ્વજનોના સહયોગથી આ સ્વપ્ન પૂર્ણ થશે તેવી શ્રધ્ધા પણ છે. ૧.૨૫ કરોડ પુર અસરગ્રસ્ત પરિવારોને ધંધા રોજગાર બેઠા કરવા આપવા માટેજ અલાયદા જોઈશે.

STATUS AS ON 03/07/2017

| ક્રમ | વિગત | લોન ધારકોની સંખ્યા | લોનની રકમ | લોન ભરપાઈની રકમ | બાકી ભરપાઈની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્વતંત્ર વ્યવસાય | ૯૯૫ | ૨,૩૦,૦૯,૦૦૦ | ૧,૧૪,૫૮,૧૦૦ | ૧,૧૫,૫૦,૯૦૦ |
| ૨ | શિક્ષણ | ૧૦ | ૨,૯૯,૫૦૦ | ૧,૪૬,૫૦૦ | ૧,૫૩,૦૦૦ |
| ૩ | ઘર બાંધકામ | ૧૩૮ | ૨૨,૨૫,૮૪૩ | ૧૦,૯૦,૦૭૧ | ૧૧,૩૫,૭૭૨ |
| ૪ | સામાજિક પ્રસંગ | ૧૧ | ૨,૯૦,૦૦૦ | ૧,૧૮,૦૦૦ | ૧,૭૨,૦૦૦ |
| ૫ | આરોગ્ય/સારવાર | ૧૪ | ૩,૮૨,૫૦૦ | ૧,૦૫,૭૫૦ | ૨,૭૬,૩૫૦ |
| ૬ | વાડિયા પુનર્વસન | ૯૨ | ૩૯,૩૪,૦૦૦ | ૧૫,૧૪,૯૦૭ | ૨૪,૧૯,૦૯૩ |
| | કુલ રૂપિયા | ૧૨૬૦ | ૩,૦૧,૪૦,૮૪૩.૦૦ | ૧,૪૪,૩૩,૩૨૮ | ૧,૫૭,૦૭,૫૧૫ |



**વિવિધ વ્યવસાય માટે આપવામાં આવેલી લોનની વિગતો:**

સંસ્થા દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પોતાની કાબેલીયત દર્શાવવા ઈચ્છતા લોકોને જુલાઇ-૨૦૧૭ સુધી નીચે જણાવેલા વ્યવસાયો તથા ઉપર જણાવેલા નવા આયામો માટે નીચેની વિગતે લોન આપી છે.

| ક્રમ | લોન લેવાના કારણો | લાભાર્થીની સંખ્યા | કુલ લોનની રકમ |
|---|---|---|---|
| ● | **સ્વતંત્ર વ્યવસાય માટે** | | |
| ૧ | POP મૂર્તિ ધંધો | ૧૫ | ૪,૬૦,૦૦૦ |
| ૨ | સ્વતંત્ર વ્યવસાય | ૨ | ૪૫,૦૦૦ |
| ૩ | ઈલેક્ટ્રીકલ કામ | ૧ | ૧૦,૦૦૦ |
| ૪ | ઈસ્ત્રી કામની દુકાન | ૧ | ૧૦,૦૦૦ |
| ૫ | ઊંટ લારી | ૨૪ | ૭,૪૧,૦૦૦ |
| ૬ | કટલરી | ૨૭૮ | ૪૭,૮૨,૦૦૦ |
| ૭ | કરીયાણાની દુકાન | ૫૨ | ૧૪,૪૦,૦૦૦ |
| ૮ | કરીયાણાનો જથ્થાબંધ ધંધો | ૧ | ૫૦,૦૦૦ |
| ૯ | કલર કામનો ધંધો | ૨ | ૮૦,૦૦૦ |
| ૧૦ | કાપડ મટીરીયલ વેચાણ | ૪૨ | ૧૨,૮૦,૦૦૦ |
| ૧૧ | ખેતી | ૧૩ | ૨,૬૦,૦૦૦ |
| ૧૨ | ચપ્પુ ધાર કરવાનો ધંધો | ૩ | ૫૦,૦૦૦ |
| ૧૩ | ચા પત્તીનો જથ્થાબંધ ધંધો | ૧ | ૩૦,૦૦૦ |
| ૧૪ | ચા/નાસ્તાનો લઘુ ધંધો | ૧૯ | ૪,૩૦,૦૦૦ |
| ૧૫ | ચાદરનો ધંધો | ૩૨ | ૭,૯૫,૦૦૦ |
| ૧૬ | ડબગર સંગીતના સાધનોનું વેચાણ | ૧ | ૨૦,૦૦૦ |
| ૧૭ | ડિજીટલ કેમેરો ખરીદવા | ૧ | ૩૦,૦૦૦ |
| ૧૮ | નટના ખેલ માટે સાધનો ખરીદવા | ૧ | ૧૦,૦૦૦ |
| ૧૯ | પંકચર રીપેરીંગનો ધંધો | ૨ | ૬૦,૦૦૦ |
| ૨૦ | પગરખાંની દુકાન | ૧ | ૨૦,૦૦૦ |
| ૨૧ | પરચૂરણ વસ્તુઓની ફેરી | ૨ | ૪૦,૦૦૦ |
| ૨૨ | પશુપાલન | ૬૯ | ૧૬,૫૫,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | પ્લાસ્ટીક ટબ અને પાટલાનો ધંધો | ૮૩ | ૧૯,૮૦,૦૦૦ |
| ૨૪ | પ્લાસ્ટીક હાઈડ્રોલિક મશીન | ૫ | ૨,૦૮,૦૦૦ |
| ૨૫ | ફળ/શાકભાજીની લારી | ૫૦ | ૧૩,૯૬,૫૦૦ |
| ૨૬ | ફૂલ ગુલદસ્તાની દુકાન | ૧ | ૨૦,૦૦૦ |
| ૨૭ | ફેબ્રિકેશન બીઝનેસ | ૭ | ૨,૮૫,૦૦૦ |
| ૨૮ | બ્યુટી પાર્લર | ૧ | ૧૦,૦૦૦ |
| ૨૯ | ભંગાર લે-વેચનો ધંધો | ૧ | ૨૦,૦૦૦ |
| ૩૦ | મચ્છરદાનીનો ધંધો | ૧ | ૩૦,૦૦૦ |
| ૩૧ | મસાલા વેચાણનો ધંધો | ૧ | ૩૦,૦૦૦ |
| ૩૨ | મોબાઈલ એસેસરીનો ધંધો | ૪ | ૧,૫૦,૦૦૦ |
| ૩૩ | રમકડાંનો ધંધો | ૩ | ૩૦,૦૦૦ |
| ૩૪ | લાકડાનું વેચાણ | ૨ | ૪૦,૦૦૦ |
| ૩૫ | લાટીનો ધંધો | ૧ | ૨૦,૦૦૦ |
| ૩૬ | લુહારી કામ | ૫૯ | ૯,૭૦,૦૦૦ |
| ૩૭ | લેસ પટ્ટી વેચાણ | ૨૨ | ૪,૩૦,૦૦૦ |
| ૩૮ | તારની વાડ બાંધવાનો વ્યવસાય | ૨ | ૬૦,૦૦૦ |
| ૩૯ | વાસણ ભંડાર | ૧ | ૫૦,૦૦૦ |
| ૪૦ | વાહન ખરીદી અને જાળવણી | ૬૮ | ૨૬,૦૦,૦૦૦ |
| ૪૧ | વાહન ગેરેજનો ધંધો | ૬ | ૧,૫૦,૦૦૦ |
| ૪૨ | વાહન લેવા-વેચવાનો વ્યાપાર | ૧ | ૩૦,૦૦૦ |
| ૪૩ | વાંસ કામનો ધંધો | ૨૮ | ૪,૮૩,૦૦૦ |
| ૪૪ | વિડિયો કેમેરા/સાધનો ખરીદવા | ૨ | ૯૦,૦૦૦ |
| ૪૫ | શટર બનાવવાનો ધંધો | ૧ | ૨૦,૦૦૦ |
| ૪૬ | સંગીત ઓરકેસ્ટ્રાનો ધંધો | ૧ | ૨૦,૦૦૦ |
| ૪૭ | સાવરણી બનાવવા અને વેચવા | ૩૦ | ૪,૮૫,૦૦૦ |
| ૪૮ | સંગીતના સાધનો | ૨ | ૬૦,૦૦૦ |
| ૪૯ | સિઝનેબલ ધંધો | ૪ | ૧,૦૦,૦૦૦ |



| | | | |
|---|---|---|---|
| ૫૦ | સીવણ મશીન | ૧૭ | ૧,૫૪,૦૦૦ |
| ૫૧ | સુથારી કામનો ધંધો | ૧ | ૨૫,૦૦૦ |
| ૫૨ | સેન્ટીંગ/કડીયા કામ | ૫ | ૧,૪૦,૦૦૦ |
| ૫૩ | સોડાની દુકાન | ૧ | ૨૦,૦૦૦ |
| ૫૪ | હાથ લારી/સાઈકલ લારી | ૨૦ | ૨,૧૯,૫૦૦ |
| ૫૫ | હાથવણાટની ચાદરનો ધંધો | ૧ | ૧૫,૦૦૦ |
| ● | **ઘર બાંધકામ માટે** | | |
| ૫૬ | ઘર બાંધકામ | ૧૩૮ | ૨૨,૨૫,૮૪૩ |
| ● | **આરોગ્ય વપરાશ હેતુ સંદર્ભે** | | |
| ૫૭ | આરોગ્ય/સારવાર | ૧૪ | ૩,૮૨,૫૦૦ |
| ● | **વાડિયા પુનર્વસન નિમિત્તે** | | |
| ૫૮ | આરોગ્ય/સારવાર | ૧ | ૧૦,૦૦૦ |
| ૫૯ | સ્વતંત્ર વ્યવસાય | ૧૨ | ૫,૮૦,૦૦૦ |
| ૬૦ | કરિયાણાની દુકાન | ૨ | ૯૫,૦૦૦ |
| ૬૧ | ખેતી | ૧ | ૩૦,૦૦૦ |
| ૬૨ | પશુપાલન | ૩ | ૯૦,૦૦૦ |
| ૬૩ | વાડિયાના પરિવારોને દલાલોની ચુંગાલમાંથી બહાર કાઢવા તથા પગભર કરવા માટે | ૭૨ | ૩૦,૪૯,૦૦૦ |
| ૬૪ | વાહન ખરીદી અને જાળવણી | ૧ | ૮૦,૦૦૦ |
| ● | **શિક્ષણ અર્થે** | | |
| ૬૫ | કમ્પ્યુટર ખરીદવા | ૨ | ૩૫,૦૦૦ |
| ૬૬ | શિક્ષણ અર્થે | ૮ | ૨,૬૪,૫૦૦ |
| ● | **સામાજીક પ્રસંગ માટે** | | |
| ૬૭ | સામાજીક પ્રસંગ | ૧૧ | ૨,૯૦,૦૦૦ |
| | **કુલ** | **૧૨૬૦** | **૩,૦૧,૪૦,૮૪૩** |

**વાડિયામાં રહેતા અને પોતાની દીકરીઓને દેહવ્યાપાર ના કરાવવા ઈચ્છતા, દલાલોની ચૂંગાલમાંથી મુક્ત થવા માંગતા અને સ્વતંત્ર ધંધો કરવા ઈચ્છતા પરિવારોને આપવામાં આવેલી લોનઃ**

દીકરીઓ અને બહેનોને દેહવ્યાપારના કલંકમાં નાખવા માટે જાણીતા વાડિયામાં ધીમી ગતિએ બદલાવ આવી રહ્યો છે. દલાલો પાસેથી લીધેલા પૈસાને પરત કરવા તો ક્યાંક પોતાની વ્યક્તિગત જરૂરિયાત બિમારી કે અન્ય પ્રસંગે દલાલો પાસેથી પૈસાની માંગણી કરવાની જગ્યાએ હવે આ પરિવારો સંસ્થા પાસેથી લોન રૂપે નાણાંની મદદ માંગે છે. દલાલ પાસેથી તગડાં વ્યાજે લીધેલા પૈસા સમયસર ચૂકવી ના શકે તો પોતાની વહાલસોયી દીકરીઓને દેહવ્યાપારના કલંકમાં ધકેલવાનું પરિવારજનો દ્વારા જ થાય છે. આવામાં આપણી પાસેથી લોન લે તો તેમના માથે વ્યાજ કે આટલા જ સમયમાં નાણાં પરત કરવા વગેરે જેવી ચિંતા રહેતી નથી. આથી વાડિયાના પરિવારોને આપણે લોન આપીએ છીએ.

જો કે લોન લેનાર પરિવારો હપ્તા ભરવામાં જરાય નિયમિત નથી. મૂળ પ્રશ્ન ગરીબાઈનો અને ક્યાંક ખોટા ખર્ચામાં ફસાયાનો પણ છે. પણ સગવડ પ્રમાણે તેઓ પૈસા આપી રહ્યા છે તેનો આનંદ છે. જો કે કેટલાક એવા છે જે મહિને રૂા.૨૦૦ તો કેટલાક વર્ષે રૂા.૫૦૦ કે હજાર આપે છે પણ વૃતિ આપવાની છે. એટલે વાડિયાના પરિવારોને આપેલી લોનની રીકવરી થોડી ધીમી છે પણ એ ધીમી રહેવાની એવો ખ્યાલ પણ છે.

**આરોગ્ય હેતુ આપવામાં આવેલી લોન**

બિમારી માણસને આર્થિક રીતે ખુવાર કરી નાખે. પૈસાની સગવડ ના હોય, કોઈ વ્યાજવા પૈસા પણ ના ધીરે ત્યારે જાણે મરવાની રાહ જોતા હોય તેવું લાગે. પાલીતાણામાં રહેતા સાજનભાઈ ડફેરના ૧૩ વર્ષના દીકરા અફઝલને કેન્સરની ગાંઠ થઈ. ડૉક્ટરે ઑપરેશન માટે કહ્યું પણ ખર્ચ ઘણો થશે તેવું પણ જણાવ્યું. સાજનભાઈ પાસે પૈસા નહીં એટલે તેમણે દવા કરાવવાનું જ માંડી વાળ્યું. આ કેસ આપણા ધ્યાને આવ્યો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. છતાં તેની સારવાર અમદાવાદ કેન્સર હૉસ્પિટલમાં શરૂ કરાવી. પણ આખા શરીરમાં કેન્સર પ્રસરી ગયું હતું લગભગ ૨૦ દીવસમાં જ અફઝલ મૃત્યુ પામ્યો.

આવા કેટલાય પ્રસંગો નજર સામે બનતા જોઈને આપણે બિમારીમાં દવા કરાવવા માટે વગર વ્યાજે લોન આપવાનું શરૂ કર્યું છે.



લોનધારકો સાથે ધંધાને વિકસાવવા આયોજિત બેઠક



**કાલુપુર બેંક અમારી બેંક**

વંચિતો માટે અપાર મમત્વ દાખવનાર ખુબ જ સંવેદનશીલ વ્યક્તિઓએ કાલપુર બેંકની ધુરા સંભાળી છે. સહકારી બેંકમાં રાજ્યમાં અગ્રેસર એવી કાલપુર બેંકે વિચરતી અને વંચિત જાતિઓ માટે વિશેષ મમત્વ દાખવ્યું છે. અમદાવાદ અને સુરતમાં નજીવા વ્યાજદરે બેંક લઘુ ધિરાણ કરે છે. અમદાવાદમાં રહેતા વિચરતી જાતિઓના પરિવારોને આપણે બેંક સાથે જોડ્યા છે સાથે સાથે બેંક દ્વારા વિચરતી જાતિના પરિવારોને ઘર બાંધકામ માટે પણ લોન આપવાનું થયું છે.



કાલુપુર બેંકમાંથી ઘર બાંધકામ માટે વિચરતી જાતિઓને આપવામાં આવેલી લોનના ચેક વિતરણનો કાર્યક્રમ

બેંકના માધ્યમથી અમદાવાદમાં રહેતા અને આર્થિક રીતે નબળાં પરિવારોને લોન આપવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. બેંક દ્વારા થતા લઘુ ધિરાણના કાર્યોમાં સાથે રહેવાના કારણે વિચરતી જાતિ સિવાયના પરિવારોને પણ મળવાનું તેમના પ્રશ્નો સમજવાનું અને જરૂર પડે તેમની સમસ્યાઓમાં બેંકના માધ્યમથી જોડાવવાનું પણ થાય છે.

**વિચરતી જાતિઓને બેંક સાથે જોડવામાં પડતી મુશ્કેલી**

કાલપુર બેંક નિયમોથી ઉપર ઊઠીને વિચરતી જાતિઓને ધિરાણ આપે છે. ઘણા સ્વજનો આ વાંચે ત્યારે તેમને થાય કે, આપણને બેંક આટલી મદદ કરે તો આપણે બેંક સાથે જ આ જાતિઓને જોડી દેવી જોઈએ શું કામ આપણે અલગથી કાર્યક્રમ ચલાવવો? વિચરતી જાતિઓને વધારે ઊંડાણથી ન સમજીએ તો તેમની આ વાત ખરી પણ લાગે. પણ સંસ્થાના કાર્યકરો સાથે બેસીએ તો હાલના સંજોગોમાં તમામ વિચરતી જાતિના લોકોને બેંક સાથે જોડવાનું તેમના મતે વિચરતી જાતિઓની છાપ ખરાબ કરવા માટેનું પરિબળ બની રહેશે. આમ પણ વિચરતી જાતિઓની છાપ ચોર, ભિખારી તરીકેની છે તેમાં ડિફોલ્ટરનું લટકણ ઉમેરાશે.

વળી વિચરતી જાતિઓ પોતે પણ બેંકથી દૂર ભાગે છે. બેંક સાથે આપણા આ પરિવારોને જોડવામાં પડતી મુશ્કેલીઓ...

૧. આપણે લોનની રકમ ચેકથી આપીએ છીએ. ચેકથી રકમ આપીએ એટલે બેંકમાં પૈસા ઉપાડવા જવું પડે. મોટાભાગે નિરક્ષર હોવાના કારણે આ માટે કોઈની મદદ લેવી પડે. થોડો સંકોચ થાય અને કોઈ મદદ નહીં કરે તેવું પણ થાય એટલે મોટાભાગના લોકો રોકડમાં લોન આપવા વિનંતી કરે.

૨. બેંક દ્વારા લોન આપવામાં આવે તો દર મહિને તેનો હપ્તો ભરવાનો થાય. આપણા આ લોકોને તારીખ અને મહિના સાથે બહુ લેવા દેવા નથી. આમ નિયમિતતાનાં પ્રશ્નો આવશે. બેંક સાથે જોડેલા પરિવારોમાં પણ આ પ્રશ્નો દેખાય છે.

૩. લોન નથી ભરવી તેવી ક્યાંય વાત નથી, નિયતમાં ખોટ નથી પણ વ્યવસ્થામાં ફીટ થઈ શકતા નથી.એક ઘરેડમાં વર્ષોથી રહ્યા-જીવ્યા એટલે નવું શીખવાનું - અપનાવવાનું થતું નથી.

૪. ભણેલા નથી આથી બેંક તેમને કંટાળાજનક લાગે છે.

૫. બેંકમાંથી લોન લીધેલા પરિવારોને પણ હપ્તા કેવી રીતે કપાય છે, કેટલા બાકી રહ્યા? એવા હિસાબ કિતાબ બહુ સમજાતા નથી.

૬. કામ ધંધા માટે સતત વિચરતા પણ રહે છે તેમને લોનનો હપ્તો બેંકમાં ભરવામાં મુશ્કેલી લાગે છે. માનસિક રીતે મે જે બેંકમાંથી લોન લીધી હોય ત્યાંથી જ ભરી શકાય તેવું માનવાના કારણે.. જુદો મૂંઝારો આ પરિવારો અનુભવે છે. આથી જેની સમજણ છે, ભણેલા છે તેમને આપણે બેંક સાથે જોડીએ છીએ. બાકી ગામડામાં કાલુપુર બેંક નથી. જે તેમની માટે લાગણી રાખે એટલે આ કામ હાલ પુરતુ આપણા શીરે.. જોકે એનાથી સંસ્થાનો વહિવટી ખર્ચ વધે છે. કારણ લોન આપણે વગર વ્યાજે આપીએ છીએ... પણ આ કરવુંયે એટલું જ જરૂરી છે...



લોનના ચેક સાથે મારવાડી દેવીપૂજક બહેન



# બનાસકાંઠામાં જળ વ્યવસ્થાપનનાં કામો



જળ વ્યવસ્થાપન સંદર્ભે ગ્રામજનો સાથે આયોજિત બેઠકને સંબોધતા શ્રી રશ્મીનભાઈ સંઘવી

## અમે જોયું

ઉત્તર ગુજરાતમાં શરૂ કરેલા જળસંચયના કામોમાં જેમ જેમ વધારે ઊંડા ઊતરતા જઈએ છીએ તેમ તેમ વિકાસની નવી તરાહે કેવું નુકશાન પહોચાડ્યું છે તે સમજાતું ગયુ. ચોમાસુ ખેતી થતી ત્યારે પાણીના સ્તર જમીનમાં ૩૦ કે ૪૦ ફૂટે હતા પણ બોરવેલની સુવિધા ઉપલબ્ધ બની તેની સાથે પેટાળમાંથી અમાપ પાણી કાઢવાનું શરૂ થયું. પરિણામે પાણીના સ્તર ઊંડાને ઊંડા થતા ગયા. બનાસકાંઠાની ઉત્તરે જ્યાં વી.એસ.એસ.એમે. જળસંચયના કામો શરૂ કર્યા ત્યાં તો પાણીના સ્તર ૧૧૦૦થી ૧૨૦૦ ફૂટ ઊંડા જતા રહ્યાં છે.

એક રીતે આ વિસ્તાર આમ તો નપાણિયો, પણ બોરવેલ દ્વારા સિંચાઈ થવાના કારણે હવે ત્યાં ખેતી થઈ રહી છે અને સમૃદ્ધિ પણ આવી છે. પણ જમીનમાંથી આમ પાણી સતત ઉલેચ્યા કરવાનું લાંબુ ચાલે એમ નથી. ભૂગર્ભ જળ ખાલી કર્યે જઈશું વળતું પાણી તેમાં ઉતારવાનું કરીશું નહીં તો પાણી ખાલી થઈ જશે. વળી ગામલોકો પણ સિંચાઈની સુવિધા થવાના કારણે પરંપરાગત જળસ્ત્રોતો સાચવવાનું જાણે ભૂલી જ ગયા. એટલે તળાવ, કુવા ખોદાવવાનું અથવા તેને સાચવવાનું કામ થતું જ નથી.

## બનાસકાંઠામાં જળ વ્યવસ્થાપનનાં કામો



વડગામનું પેપળિયું તળાવ

આ વિસ્તારના લોકો સાથે આ મુદ્દે બેઠકો કરતા ધીમે ધીમે તેઓ પણ પાણીના મહત્વને સમજયા. આદરણીય શ્રી રશ્મીનભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ આ વિસ્તારમાં થઈ રહેલા જળસંચયના કામોને હવે સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પહેલાં ગામલોકોને સામેથી તળાવ ખોદાવા સમજાવવા પડતા તેની જગ્યાએ હવે તેઓ પોતે આવીને પોતાના ગામનું તળાવ ઊંડું કરવા કહી રહ્યા છે.

જો કે અત્રે ખાસ નોંધવુ જોઈએ કે, આ વિસ્તારના તળાવો 'કાણા તળાવો' તરીકે ઓળખાય છે. એટલે કે આ તળાવો બારેમાસ ભરેલા રહેતા નથી. માંડ મહિનો પાણી રહે. બાકી બધુ જ પાણી જમીનમાં ઉતરી જાય છે. જમીનનાં તળ ખાલી થઈ જવાને કારણે આ થઈ રહ્યું છે. આથી આપણે તળાવોને વધારે ઊંડા કરવાની જગ્યાએ પહોળા અને ચોખ્ખા કરવાનું કરીએ છીએ.

તળાવ ખોદાવવા જે.સી.બી.નો ખર્ચ વી.એસ.એસ.એમ.આપે છે અને માટી ભરવા માટેના ટ્રેક્ટર ગામલોકો પોતાના ખર્ચે મુકે. ગામલોકો પોતાનાથી શક્ય નાનો ફાળો પણ જળસંચયના આ કામો માટે આપે છે.

### જીવ સૃષ્ટિના સંવર્ધન માટેનું આગવું વલણ

આ આખા પંથકમાં કોઈ પણ તળાવમાં ચોમાસાનું પાણી સંગ્રહાયેલું જોવા ના મળે. છતાં દરેક ગામમાં એક તળાવમાં થોડું પાણી ભરેલું હોય કારણ પુછતા ખ્યાલ આવ્યો કે, સિંચાઈના બોરવેલમાંથી મહિનામાં એક વખત ગામના કોઈ એક તળાવમાં પાણી નાખવામાં આવે છે. આવું કરવા પાછળનું કારણ ખેતરમાં કે જંગલમાં રહેતા પ્રાણીઓને પાણીની મુશ્કેલી વેઠવી ના પડે તે છે. ગામલોકો કહે તે પ્રમાણે, અબોલ જીવ જેમનું કોઈ ધણી નથી દા.ત. નીલગાય, શિયાળ, મોર, પોપટ વગેરે જેવા પક્ષી પાણી મેળવવા ક્યાં જાય તેમના માટેની આ વ્યવસ્થા છે.

### સદ્‌ગત વહાલી દીકરી અમિતાની યાદમાં આદરણીય શ્રી પ્રદીપભાઈ શાહ (મુંબઈ)નાં સહયોગથી આસોદર ગામના તમામ તળાવોનું નવીનીકરણ

આસોદર ગામમાં કુલ સાત તળાવ. પણ સ્થિતિ ઉપર જણાવ્યા પ્રમાણેની. રેત અને માટીથી ભરેલા બે તળાવો આપણે શરૂઆતમાં ખોદાવ્યા. તે પછી મુંબઈથી આદરણીય શ્રી પ્રદીપભાઈ શાહ જેઓ હંમેશાં આપણા શુભેચ્છક રહ્યા છે અને જેમના આશિર્વાદ આ કામમાં સતત સાંપડ્યા છે. તેમણે આખા ગામના તમામ તળાવો ઊંડા કરવાનું તેમની વહાલી દીકરી અમીતાબેનની યાદમાં કરવાનું નક્કી કર્યુ. આસોદર ગામના લોકોનો સહયોગ સરસ અને સરપંચ પોતે પણ સેવાભાવી એટલે આપણે આ ગામના તમામ તળાવો ઊંડા કરવાનું નક્કી કર્યું. આદરણીય શ્રી પ્રદીપભાઈ શાહ તેમના પત્ની શ્રી કોકીલાબહેન શાહ અને તેમની દીકરી શ્રી નંદીતાબહેન પારેખના અમે આભારી છીએ.



### –પરંપરાગત જળસ્રોતોને સજીવન કરવાનું કામ



ખોદકામ પહેલાં



ખોદકામ પછી

**'વી.એસ.એસ.એમ.' દ્વારા અત્યાર સુધીમાં ખોદાયેલા તળાવોની વિગત:**

| ક્રમ | તળાવનું નામ | ગામ | કામગીરી વર્ષ |
|---|---|---|---|
| ૧ | મેડિયાળી | વાડિયા | ૨૦૧૫-૧૬ |
| ૨ | પેપળિયું | ડોડગામ | ૨૦૧૫-૧૬ |
| ૩ | જગરુ | ડોડગામ | ૨૦૧૫-૧૬ |
| ૪ | સાજણસરી | વડગામડા | ૨૦૧૬-૧૭ |
| ૫ | પેપળિયું | વડગામડા | ૨૦૧૬-૧૭ |
| ૬ | કુવાળિયું | નાનોલ | ૨૦૧૬-૧૭ |
| ૭ | ઈંટવાળિયું | નાનોલ | ૨૦૧૬-૧૭ |
| ૮ | માંડલી | આસોદર | ૨૦૧૬-૧૭ |
| ૯ | પાણિયારી | આસોદર | ૨૦૧૬-૧૭ |
| ૧૦ | પેપળિયું | ઉંદરાણા | ૨૦૧૬-૧૭ |
| ૧૧ | ગોસરુ | ઉંદરાણા | ૨૦૧૬-૧૭ |
| ૧૨ | મોટું ચાંદ્રુ | પડાદર | ૨૦૧૬-૧૭ |
| ૧૩ | સરપાસર | આસોદર | ૨૦૧૬-૧૭ |
| ૧૪ | ભેંસચારુ | આસોદર | ૨૦૧૬-૧૭ |
| ૧૫ | ચેબલા | આસોદર | ૨૦૧૬-૧૭ |
| ૧૬ | મોજાસર | આસોદર | ૨૦૧૬-૧૭ |
| ૧૭ | કાંકરિયા | આસોદર | ૨૦૧૬-૧૭ |

### વડગામડા અને આસોદરના તળાવો ભરાયા

સાજણસરી અને સરપાસર તળાવો આપણે ગત વર્ષે ખોદાવ્યા હતા. પણ ગત વર્ષે વરસાદ જ ના પડ્યો એટલે તળાવમાં ટીપુંએ પાણી ના આવ્યું. પણ આ વર્ષે ચોમાસુ બેસતા જ સરસ વરસાદ પડ્યો ને આ બંન તળાવ ભરાયા. જો કે 'કાણા તળાવો' હોવાના કારણે એક અઠવાડિયામાં જ તળાવનું પાણી અડધુ થઈ ગયું હતું. પણ સારુ એ થયું કે જમીનમાં ઘણું પાણી ઉતર્યું. આ ચોમાસામાં બે ત્રણ વાર એક અંતરે વરસાદ પડી જાય તો ઘણું પાણી તળાવમાં આવે અને જમીનમાં ઉતરે... તાજેતરમાં આવેલા પુરના પાણીથી આસોદર ગામના સાતે તળાવો ભરાઈ ગયા અને ગામલોકોના કહેવા પ્રમાણે તળાવો ખોદાયા હતા માટે ગામમાં કોઈ નુકશાન થયું નહીં.

'જળ વિના જીવન નહીં' એ સુવાક્યની જેમ આપણે બસ બોલી નાખીએ છીએ. પણ ખરા અર્થમાં જળનો વિચાર નહીં કરીએ તો જીવન રહેવાનું જ નથી. બસ એ જળના વિચારને અનુમોદન આપી જળસંગ્રહ સંદર્ભે શક્ય કરવાની કોશિશ કરી છે. ત્રુટી જણાય અથવા વધારે સારુ કરવા માટે સૂચનો હોય તો જણાવવા વિનંતી.



વડગામડાનું સાજણસરી તળાવ



## કલા



બળદેવભાઈ ભાથી (ભવૈયા)

ભવાઈને લોકો સમક્ષ નવા સ્વરૂપમાં લોકોને ગમે તેવી રીતે મુકવાનું કરવાનું અત્યંત આવશ્ય છે. પણ તે દિશામાં સરકાર અને સમાજ બંને ઉદાસીન છે. એવું કહેવાય છે કે, ભવૈયા પાસેથી નાગર સ્ત્રીઓ સાડી કેવી રીતે પહેરવી તે શીખતી. પણ આજે ભવૈયાની આર્થિક પરિસ્થિતિ સાવ કથળી ગઈ છે. પૈસાના અભાવે સ્ત્રી પાત્ર ભજવતા ભવૈયા પાસે માથાની આખી વીગ ખરીદવાના પૈસા હોતા નથી. આમ માઠે ટાલ પડી ગયેલો નાયક અડધી વીગ પહેરીને સ્ત્રી પાત્ર ભજવે છે. જે સામાન્ય રીતે દર્શકોને રૂચીકર લાગતું નથી. આવું જ એમના કપડાનું પણ છે.

ભવૈયાની મનોદશા અંગે કલોલના બળદેવભાઈ ભાથીએ સુંદર લખ્યું છે.

ઓ પ્રભુ મને પાંગળો કેમ કરી દીધો...
મારા કયા કર્મોનો બદલો લીધો ઓ પ્રભુ...
રાજા બનીને જ્યારે સ્ટેજ પર આવું,
ત્યારે સ્ટેજને ગજવી દેતો, પ્રેક્ષકોનુ મન મોહી લેતો,
વારે વારે વન્સ મોર લેતો ઓ પ્રભુ...
દાસ દાસીઓ ખમ્મા ખમ્મા કરતા
અને હું લાખોનું દાન દઈ દેતો,
પણ પાત્ર પત્યા પછી ઘર સામે જોતો ઓ પ્રભુ...

ભવૈયાની આ મનોવ્યથા આપણને સૌને ઘણું કહી જાય છે. સરકારી સ્તરે શું થયું છે? શું થશે? તે અંગે વાત કરતા પહેલાં પોતાના સ્તરેથી સૌએ ઘણું વિચારવાનું છે અને કરવાનું છે. કદાચ આપણા ગામમાં દર વર્ષે એકવાર એમને ભવાઈ માટે આમંત્રણ આપીએ તોય ઘણુ થયું ગણાશે...

# ભણતર-ગણતર



ઉન્નતી હૉસ્ટેલની દીકરીઓ

### અમારે ભણવું છે, તમે ભણાવશો?

'મારો સોકરો હાતમામો ભણ હ. રોજ નેહાળ જાય પણ ખબર નઈ નિહાળમાં હું ભણાવ હ? એક ટપાલ આઈ, તે ઈન વોચવા આલી તે ડચકા લેતા લેતા મોડ મોડ પુરી વોચી. માર ઈન ઓય ભણાબો જ નહીં. તમારી કન હૉસ્ટેલમાં મોકલી દેવો હ્.' તારાબહેન સરાણિયાનો ડીસાથી ફોન આવ્યો. અમારા કાન આવું સાંભળવા વર્ષોથી તરસતા હતા. 'બુન તમે ખોટી માથાકુટ કરો હો અમારા સોકરાં વગડાંમાં રખડેલા એ કોય ભણ બણ નહીં, તમન નેચુ ઘલાવસે, ઈના કરતા રેવા દોન બાપલા, અમારા સોકરાઓ ન વળી ભણાઈ ન હુ કરવું હ્? ભણીન એ કોય કોદા નહીં કાઢવાના, એ ના ભણ બુન.' બેકગ્રાઉન્ડ સંગીત વાગતું હોય તેમ તારાબહેનનો ફોન ચાલુ હતો ને પાછળ આવા વાક્યો બોલતા મા- બાપ અને છેલ્લા દસ વર્ષમાં કાંઈ કેટલીયે વાર વસાહતોમાં બાળકોને ભણાવવા રીતસર કાકલુદી કરતા અમે સૌ તાદશ્ય થયા. જાણે નાટક ભજવાતું હોય તેવું લાગ્યું. 'તમે બાળકોને ભણવા નહીં મુકીને મોટું પાપ કરી રહ્યા છો. તમે બાળકને ભગવાનની ભેટ કહો છો ને? ત્યારે આ ભેટને ધૂળમાં આમ જ રગદોળી દઈએ તો ભગવાન રાજી ના રે... વગેરે જેવું બોલતા અમે સૌ દેખાયા. ત્યાં તારાબહેનનો અવાજ આવ્યો, 'હેલો બેન? બેન?' અને હું વર્તમાનમાં પાછી આવી.



'હા મુકી જજો.'

'ઈની હાથે બીજા ચાર સોકરાઓય હ્. ઈમનય લઈ લેજો ન. મહેશભઈ કેતાત ક પરિક્ષા આલવી પડસે. તે ચાણ લઈન આવું?'

'પરિક્ષાની જરૂર નથી. તમે હૉસ્ટેલ શરૂ થાય એટલે મોકલી દેજો.'

'એ હારુ બેન. આભાર તમારો.' તારાબહેનનો ફોન કટ થયો.

પેટના જણ્યાનું બાળપણ વેડફાઈ રહ્યું હોય તેવો ભાવ અમને સૌને થાય અને એટલે જ ક્યારેક તો ગળુ અને પેટ બેય બોલી બોલીને દુઃખી જાય તોય સતત બોલ્યા કરીએ. ક્યાંક બોલાયેલું કોઈકના મનમાં ઊતરી જાય અને એ બાળકનું ભાવી સુધરી જાય.

શરૂઆતમાં અમે વિવિધ આશ્રમશાળામાં વિચરતી જાતિઓના બાળકોને દાખલ કર્યા પણ ત્યાં આ બાળકો ઝાઝુ ટક્યા નહીં. આ બાળકોને થોડા જુદી રીતે સમજવાની જરૂર જણાતી હતી અને તેમાં ક્યાંક ઊણપ વર્તાતી હતી એટલે બાળકો ત્યાં ટક્યા નહીં. છેવટે કોઈ ઉકેલ ના જડતા અમે પોતે હૉસ્ટેલ શરૂ કરી. સંખ્યા પણ ઊત્તરોત્તર વધી રહી હતી. પણ મુખ્ય પ્રશ્ન જે તે વસાહતની નજીકની સરકારી શાળામાં ભણવા ગયેલા બાળકોના ભણતરને લઈને દેખાઈ રહ્યો છે. આપણી આખી શિક્ષણ વ્યવસ્થા પર એક નહીં પણ હજારો પ્રશ્નો થઈ રહ્યા છે. હૉસ્ટેલમાં ધો.૭ કે ધો.૮માં ભણવા આવનાર બાળકોને સરખુ વાંચતા કે લખતા પણ નથી આવડતું. જો કે અમે ભણતર એટલે ખાલી ક, ખ, ગ એવું નથી માનતા. બાળક પોતાની રૂચી મુજબ કેળવાય તે જ યોગ્ય પણ લખતા વાંચતા તો એને આવડવું જ જોઈએ તેવું અમે માનીએ.



એલ.આઈ.સી. દ્વારા આપવામાં આવેલી બસમાં
એલ.આઈ.સી.ના ઝોનલ મેનેજર બી. વેણુગોપાલજી સાથે હૉસ્ટેલની દીકરીઓ

### ગોંડલના મહારાજા ભગવતસિંહજી

ગોંડલના મહારાજા ભગવતસિંહજી અદ્‌ભૂત રાજવી હતા. રાજાઓ પોતાનું સામ્રાજ્ય વધારવામાં પોતાની યશગાથાઓ જુદી રીતે લખાય તેવી ગતિવીધીઓમાં કે ભોગવિલાસમાં પડ્યા હતા ત્યારે આ રાજવીએ ૧૮૮૪માં દુનિયાની પ્રગતિની દિશામાં હરણફાળ ભરી રહેલા દેશોનો પ્રવાસ ખેડ્યો. તે સમયે તેમની ઉંમર માત્ર ૧૮ વર્ષ હતી. યુરોપમાં એવું તો શું છે કે, ત્યાંના લોકો આખી દુનિયા પર રાજ કરે છે? સઘળું સમજીને તેઓ પરત આવ્યા. તેમનો રાજ્યાભિષેક થયો તે વેળા તેમણે પ્રજાહિત માટે સાત ઘોષણા કરી, જેમાં કેળવણીને લઈને કરેલી ઘોષણા પર આજેય સૌનું ધ્યાન જાય છે. તેમણે પોતાના રાજ્યમાં કેળવણીને પૂરેપુરું ઉત્તેજન અપાશે અને ગોંડલ રાજ્યને શતપ્રતિશત શિક્ષિત બનાવવામાં આવશે તેવી વાત કરી. વળી આ વાત ખાલી વાત ના રહેતા તેનો અમલ તેમણે શરૂ કર્યો. નવી શાળાઓ, કોલેજોની સ્થાપના કરી જે આજેય અડીખમ ઊભી છે. કન્યાકેળવણી પર તેમણે ખાસ ભાર મૂક્યો. બીજા રાજ્યોની શિક્ષણની સ્થિતિ ડામાડોળ હતી ત્યાં ગોંડલ રાજ્ય પહેલું હતું જેણે આખા ભારતમાં ફરજિયાત શિક્ષણ અમલી બનાવ્યું. બાળક શાળામાં હાજર ના રહે તો મા- બાપને બે આના દંડ કરવાનું ઠરાવ્યું. આમાં કોઈ પણ વ્યક્તિ માટે જરાય બાંધછોડ નહોતી. શિક્ષિત રાજાની શિક્ષિત પ્રજાથી તે રાજ્યનું ચિત્ર જ બદલાઈ ગયું. જે રાજા શિક્ષણ પ્રત્યે આટલો સજાગ હોય ત્યાં શિક્ષણની ગુણવત્તામાં તો કોઈ જ બાંધછોડની શક્યતાઓ રહેતી જ નથી.

આઝાદી પહેલાં એક રાજાની ઈચ્છા શક્તિથી આ થઈ શક્યું તો આજે કેમ નથી થઈ શકતુ? એ પ્રશ્ને વિચારવું રહ્યું.

### આપણી હોસ્ટેલમાં ભણવા માટે પ્રવેશ પરિક્ષા



હૉસ્ટેલની દીકરીઓ

૫ જુન ૨૦૧૭થી આપણી હૉસ્ટેલ શરૂ થઈ. હૉસ્ટેલમાં બીજા સો બાળકોને રાખી શકવાની શક્યતા ઊભી થઈ છે. આથી નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા હાથ ધરી. આનંદ અને આશ્ચર્ય વચ્ચે હૉસ્ટેલમાં ભણવા માટે નવા સાડા પાંચસો બાળકોના નામ આવ્યા. હજુ નામ આવે જ જાય છે. એક બાજુ હરખ થાય ને બીજી બાજુ આ બધા બાળકોને રાખી શકવાની ક્ષમતા ના હોવાનું દુઃખ પણ. વાંચતા લખતા આવડતું હોય તેવા બાળકોને પ્રાથમિકતા આપવા પ્રવેશ પરિક્ષા લેવાનું નક્કી કર્યું. ગુજરાતના ખુણે ખુણેથી હૉસ્ટેલ પ્રવેશ માટે બાળકો આવ્યા. આ બાળકોમાંથી ધો. ૪ થી ઉપર ભણતા બાળકોને વાંચન અને સાવ પ્રાથમિક પ્રકારના લખાણની પરિક્ષા આપવાની હતી. પણ ખુબ દુઃખ સાથે કેહવું પડે કે, કોઈ જ બાળક કડકડાટ વાંચનારુ મળ્યું નહીં. ઘણા બાળકો તારાબહેનના બાળકની જેમ ડચકા લેતાં, તો ઘણા સાવ શૂન્ય. 'નથી આવડતું', કહીને ઊભા રહ્યા. ત્રણ દિવસના અંતે પરિક્ષા લેનાર



અમારી ટીમનાં કાર્યકરોમાં અમે એક હતાશા જોઈ. તેઓના મતે 'આપણે એકેય બાળકને પાછા ના મોકલવા જોઈએ. તમામને પ્રવેશ આપવો જોઈએ. જે નિશાળોમાં તેઓ ભણે છે. ત્યાંના શિક્ષકોએ કોઈ જ મહેનત આ બાળકો પાછળ કરી નથી.' આના કરતા તો અજ્ઞાનતાનું સુખ મોટું છે નિશાળમાં ગયા જ ના હોઈએ તો બસ સ્ટેન્ડ પર કોઈને બસનું બોર્ડ વાંચવાનું કહી શકાય. પણ સાત કે દસ ચોપડી ભણ્યા પછી કોઈને બસનું બોર્ડ વાંચવાનું કહેવું... એ વ્યક્તિની માનસિક દશા શું થાય?

બાળકોને પુછ્યું કે, નિશાળમાં શિક્ષક શિખવતા નથી? પરિક્ષામાં પાસ કેવી રીતે થયા? આ પ્રશ્નનો બાળકોએ જે જવાબ આપ્યો તે હચમચાવી નાખે તેવો હતો, તેમણે કહ્યું, 'શિક્ષકો રોજ આવે એવું ના હોય, મન હોય તો આવે ને ભણાવે નહીં તો ચોપડી ખોલીને પાઠ લખવા આપી દે, શિક્ષકો મોબોઈલ લઈને બેસી રહે છે. પરિક્ષા વખતે ચોપડી આપી દે લખવા અથવા બોર્ડમાં લખી દે ને અમે ઉતારી લઈએ.'


બાળકને ભાર વગરનું ભણતર કેવી રીતે મળે તે અંગે આજે ખુબ વિચારાઈ રહ્યું છે ત્યારે આ ભાર વગરના ભણતરની સાથે બાળકોને ખરા અર્થમાં શિક્ષણ મળે તે જોવું રહ્યું.

### ગંભીરભાઈ ઉમેદચંદ શાહ છાત્રાલય

સદ્‌વિચાર પરિવારે વિચરતી જાતિના બાળકોની હૉસ્ટેલ બનાવવા માટે ઉવારસદમાં જમીન આપી છે. પણ જમીનની એન.એ.ની પ્રક્રિયા થોડી જટીલ બની છે. એટલે ત્યાં બાંધકામ કે કશું કરી શક્યા નથી. પણ હૉસ્ટેલ બાંધકામ માટે મુંબઈ સ્થિત શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહે રૂપિયા એક કરોડનું અનુદાન આપવાનું કર્યું છે જેમાંથી ઘણી રકમ

### હોસ્ટેલમાં ભણતા બાળકોની વિગતો

| ક્રમ | ધોરણ | | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧ | | ૪ |
| ૨ | ૨ | | ૨૧ |
| ૩ | ૩ | | ૨૧ |
| ૪ | ૪ | | ૨૨ |
| ૫ | ૫ | | ૩૦ |
| ૬ | ૬ | | ૪૧ |
| ૭ | ૭ | | ૩૭ |
| ૮ | ૮ | | ૪૯ |
| ૯ | ૯ | | ૪૬ |
| ૧૦ | ૧૦ | | ૨૧ |
| ૧૧ | ૧૧ | કોમર્સ | ૪ |
| | ૧૧ | આર્ટસ | ૧૨ |
| ૧૨ | ૧૨ | કોમર્સ | ૨ |
| | ૧૨ | આર્ટસ | ૪ |
| | ૧૨ | સાયન્સ | ૨ |
| ૧૩ | બી.એ. | | ૭ |
| ૧૪ | બી.કોમ | | ૩ |
| ૧૫ | બી.એસ.સી. | | ૧ |
| ૧૬ | આઈ.ટી.આઈ. | | ૨ |
| કુલ સંખ્યા | | | ૩૨૯ |
| દીકરીઓની સંખ્યા : | | | ૧૩૬ |
| દીકરાઓની સંખ્યા : | | | ૧૯૩ |





આવી પણ ગઈ છે. આથી બાળકો માટે બનનારા છાત્રાલયને તેઓ સૂચવે તે નામ આપવાનું નક્કી કર્યું છે. હાલમાં સદ્‌વિચાર પરિવારની નરોડા મુકામે આવેલી જમીન પર વિચરતી જાતિના ૨૫૩ બાળકો ભણી રહ્યા છે. આ છાત્રાલયનું નામાભિધાન 'ગંભીરભાઈ ઉમેદચંદ શાહ છાત્રાલય' કરીશું. જ્યારે ઉવારસદમાં છાત્રાલય બનશે અને નરોડાથી બાળકો ત્યાં રહેવા જશે ત્યારે ત્યાં આ નામ સાથે જ છાત્રાલય ચાલશે.

ગત વર્ષે આપણા છાત્રાલયમાં ભણતા બાળકોના એડમીશન નરોડા સ્થિત જુદી જુદી નિશાળમાં થયા હતા. છ જુદી જુદી નિશાળમાં બાળકોના શિક્ષણની સંભાળ લેવાનું તથા તેમને લેવા - મુકવા જવામાં ઘણી તકલીફ પડી. આ મુશ્કેલીઓને સમજ્યા પછી આપણે નરોડાની પરાગ સ્કુલમાં બાળકોના એડમીશન કરાવ્યા. પરાગ સ્કુલે પણ નજીવી ફી લઈને આ બાળકોને ભણાવવાનું સ્વીકાર્યું છે. પરાગ સ્કુલમાં બે પાળીમાં બાળકો ભણવા જાય છે. ધો.૧ થી ૮ના બાળકો બપોરપાળીમાં તથા ધો.૯ થી ૧૨ના બાળકો સવારે શાળામાં જાય છે.

### ઉન્નતી હોસ્ટેલ

'સદ્‌વિચાર પરિવાર'ના રામદેવનગર ચાર રસ્તા પાસે આવેલા કેમ્પસમાં દીકરીઓ માટેની હૉસ્ટેલ ચાલી રહી છે. જેમાં આ વર્ષે ૭૯ દીકરીઓ ભણી રહી છે. આ દીકરીઓ અમદાવાદની જાણીતી 'એચ.બી.કાપડિયા' સ્કુલમાં ભણવા જઈ રહી છે.

### સુગંધવાળો સાબુ

'મને સુગંધવાળો સાબુ ગમતો તો ને એટલે મે એની પેટીમાંથી કાઢી લીધો...'

'પેલાના નાસ્તાના ડબ્બામાંથી સરસ સુગંધ આવતીતીને એટલે મે ડબ્બો તોડી નાખ્યો...'

'મારા ઘરે આવા ચોરસા નથી, એટલે રૂમમાં કોઈ નહોતું એ વખતે મે પેલાનો ચોરસો લઈને મારા થેલામાં મુકી દીધો.'

કપડાં, થાળી, વાટકો વગેરે જેવી તમામ ચીજો ગમતી હોવાના કારણે અનાયાસે પોતાના થેલામાં મુકાઈ જાય. સામાન્ય નજરે આ ચોરી થઈ પણ અમારી નજરે આ ચોરી નથી. આ બાળકો જ્યાંથી આવે છે ત્યાં સુગંદવાળો સાબુ નથી, ના જમવા માટે પુરતા ઠામ. અંદર અંદર ઝઘડા, ગાળાગાળી અને મારામારી પણ... પણ એ જ્યાંથી આવે છે ત્યાં એમણે આજ જોયું છે. એટલે બધુ એકદમ બદલાવવાનું નથી. જોકે બધુ બદલાય તે માટે તો આપણે આ બાળકોને લઈ આવ્યા છીએ... આપણી સાથે રહેશે તો જ બદલાશે.શાળાનાં શિક્ષકોથી લઈને બીજા બધા આ બાળકોથી



કંટાળે છે. ક્યારેક તો હૉસ્ટેલમાં આવાને ના રખાય તેવી સલાહ આપે છે... શું કરવું જોઈએ તેવો પ્રશ્ન ત્યારે થાય છે...

આ બાળકોને ભણાવવાનું આપણે બંધ કરી દઈશું તો હૉસ્ટેલમાં ભણતી, સામાન્ય નજરે તોફાની લાગતી, આપણી આ દીકરીઓએ રમતગમતમાં ખુબ સારો દેખાવ કર્યો ને અનેરી સિદ્ધીઓ મેળવી આ સિદ્ધીઓ એમને ઘરે મોકલી દઈશું તો ક્યાંથી મળવાની?

અમારુ મન તો આવા જ બાળકોને શોધીને લાવવા અને તેમને ખુબ વહાલ કરવાનું કહે છે.

### ઉવારસદમાં વિચરતી જાતિના બાળકો માટે ફાળવાયેલી જગ્યાની સ્થિતિ

'સદવિચાર પરિવારે' વિચરતી જાતિના બાળકોને એક જગ્યા પર રાખીને ભણાવી શકાય તે માટે હૉસ્ટેલ બાંધકામ માટે પોણા ત્રણ એકર જમીન આપણને આપી છે. પણ જમીનની એન.એ.ની પ્રક્રિયા હજુ શરૂ થઈ શકી નથી. મૂળ તો જમીન 'સદવિચાર પરિવાર'ની છે અને જમીનના સાત - બારના ઉતારામાં તમામ ટ્રસ્ટીઓના નામ ઉમેરાયા નથી. એ ગતિ વીધી ચાલી રહી છે સાથે જ મહેસુલ વિભાગમાં નામ કમી કરીને દાખલ કરવાની સત્તા કોની તે બાબતે માથાકૂટ ચાલી રહી છે જેનું નિરાકરણ નથી આવી રહ્યું. આપણે સતત કોશીશ કરી રહ્યા છીએ. આશા છે ઝડપથી ઉકેલ આવે.

આ જગ્યા ગ્રીનઝોનમાં પણ હતી આથી બાંધકામ બાબતે કેટલીક શરતો પણ હતી. પણ સરકાર દ્વારા ગ્રીનઝોનમાંથી આ જગ્યા કાઢી નાખવામાં આવી છે. આથી આ પ્રશ્ન હવે નીકળી જશે. વળી આ જમીનની વચમાંથી ઓ.એન.જી.સી.ની પાઈપલાઈન જાય છે તેની મંજુરીનો પ્રશ્ન પણ છે જ. પણ એક વખત સાત -બારના ઉતારામાં નામ દાખલ થઈ જાય તો ઓ.એન.જી.સી.પણ લીલીઝંડી આપશે. આપણે તેમને મળીને આ બાબતે વાત પણ કરી લીધી છે. આમ ત્યાંથી હાલ પુરતી કોઈ તકલીફ નહીં થાય તેવું લાગી રહ્યું છે.

ઉવારસદ હૉસ્ટેલ બાંધકામ માટે શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહે રૂા.૧ કરોડનું અનુદાન આપવાની ઈચ્છા દર્શાવી તેમાંથી ઘણું અનુદાન આવી ગયું છે. આપણી આ છાત્રાલયનું નામ આપણે 'ગંભીરભાઈ ઉમેદચંદ શાહ છાત્રાલય' રાખીશું. છાત્રાલયના નિર્માણ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે રૂપિયા પાંસઠ લાખ અને કાલપુર બેંકે રૂપિયા પંદર લાખનું અનુદાન આપ્યું છે. આ સિવાય પણ ઘણા સ્વજનો આ કાર્યમાં મદદરૂપ થઈ રહ્યા છે. જે માટે અમે તેમના આભારી છીએ.



રમતગમતમાં ઉત્તમ દેખાવ બદલ મેળવેલા સર્ટીફીકેટ સાથે દીકરીઓ

## ગણતંત્ર દિવસની અનોખી રીતે ઊજવણી




પાકિસ્તાનના બાળકો સાથે સ્કાઈપ પર વાત કરતા આપણી હૉસ્ટેલના બાળકો તથા
સ્કાઈપ પરની વાતચીત પત્યા પછી પત્રકારો સાથે વાત કરતી હૉસ્ટેલની દીકરી મનીષા

ભારત અને પાકિસ્તાનનું રાષ્ટ્રગાન તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ સ્કાઈપ પર ગવાયું અને બચ્ચાખાન મોર્ડન હાઈસ્કુલ પેશાવરના વિદ્યાર્થીઓ અને આપણી હૉસ્ટેલમાં ભણતા વિદ્યાર્થીઓ ઊભા થયા અને એકબીજાના રાષ્ટ્રગાનને સન્માન આપ્યું.

પાંત્રીસ મીનીટ વાતો કરવાનું નક્કી કર્યું હતું તેની જગ્યાએ વાતો ખુટતી જ નહોતી. મોંહેજો દરોથી લઈને હડપ્પન સંસ્કૃતિ, સલમાનખાન, હિન્દી ફિલ્મો, ગુજરાતના ફરવા લાયક સ્થળો, અહીંયા બનતી વાનગી, ઊજવાતા તહેવારો, મોટો થઈને શું બનવું છે. વગેરે વગેરે કાંઈ કેટલીયે વાતો થઈ. બંને દેશના બાળકોએ લગભગ ત્રણ કલાક વાતો કરી.

બાળકોની નિર્દોષ વાતો તમે અમારા જેવા જ છો.આપણે દોસ્તી કરી શકીએ તો સામે હમ દોસ્ત હૈ એટલે જ વાત કરીએ છીએ છેવટે તમે પાકિસ્તાન- પેશાવર આવજો અને તમે ભારત - અમદાવાદ આવજોની મીઠી વાતો સાથે સ્કાઈપ કનેક્શન બંધ થયું.

બધા જ આવા નિર્દોષ થઈ જાય તો કેટલું સારુ.

ફોટોમાં રાષ્ટ્રગાનને સન્માન આપી રહેલા બંને દેશના બાળકો

'દીદી મને સતત થતું તુ કે ત્યાંના લોકો કેવા હશે? શું કરતા હશે? આપણે એમને કાંઈક કહીશું તો એ કેવી રીતે સમજશે? પણ તેમની સાથે વાત કરી તો ખબર પડી કે એ લોકો તો આપણા જેવા જ છે.'

'દીદી એ નિલોફરને ડૉક્ટર બનવું છે ને મારે પણ

ત્યાં હાલ વરસાદ પડે છે અને હાલ અહીંયા ઠંડી છે.

એને સલમાનખાન ગમે છે, પિક્ચરના ગીતો ગાવા ગમે છે, નાચવું ગમે છે અને મને પણ

આ લોકો આપણા જેવા જ છે તો બધા એમને જુદા કેમ માને છે?'

મનીષા દેવીપૂજકે વિડીયો કોલમાં પાકિસ્તાનના બાળકો સાથે વાત કર્યા પછી પોતાના મનની વાત કરી. પાકિસ્તાન અને ભારતના સંબંધો કેવા વણસ્યાં છે અને બાળકોના માનસ પર તેની શું અસર થઈ છે તેનો આ વાતચીત દરમિયાન વધુ ખ્યાલ આવ્યો. વધુ આપણે સૌ જાતે જ વિચારીએ...



## પૂર રાહતના કામો...



ટંકારમાં પુરના પ્રકોપનો ભોગ બનેલો પરિવાર

ચોમાસુ બેસે, ધોધમાર વરસાદ વરસે, ચારે તરફ પાણી, કાદવ - કીચડ ને માખી મચ્છરનું સામ્રાજ્ય સ્થપાય, પહેરવાનાને પાથરવાના કપડાંમાંય ભેજ જણાય. આવામાં પાછુ અઠવાડિયું સળંગ સુરજદાદા દર્શન ના આપે તો તો ત્રાહીમામ પોકારી જવાય. પાકા ઘરમાં રહીએ, ગાડી ધરાવીએ, ચોમાસામાં ભરાયેલા પાણી કે કાદવમાં પગ મુકવાનુંયે ઝાઝુ ના થાય તોય વરસાદની અમી દૃષ્ટિએ વાટ જોતા આપણે સૌ એજ ચોમાસાથી કંટાળીએ. ત્યારે જે માણસ પાસે પોતાનું ઘર જ ના હોય ફૂટપાથ પર મીણિયાના ચારે છેડે ચાર ઈંટ બાંધી, બે ઈંટ ફૂટપાથને અડીને આવેલી દિવાલ ઉપર ને બે ઈંટ ફૂટપાથની નીચે ઢાળ પાડીને મુકે. પ્રથમ દૃષ્ટિએ માથા ઉપર વરસતા વરસાદથી બચ્યાની લાગણી થાય. પણ જરા ધ્યાનથી જોઈએ તો માથું ઢંકાયું છે બાકી દિવાલ ઉપર પડતું પાણી તો દિવાલના સહારે છાપરાંમાં ઉતરે જ છે. સામાન કે પોતાની ગોઠવણ પણ ધરતી માથે ના થઈ શકે. ખાટલાનો સહારો હોય પણ એવા કાંઈ ચાર ખાટલા થોડા ગોઠવી શકાય. ચાર ખાટલા મુકાય તો મ્યુનીસીપાલીટીવાળા આવીને કાઢી ના મુકે! બે ખાટલામાં જ પરિવાર અને સામાન સાથે વાદળી રંગના પ્લાસ્ટીકમાં સમાઈ જવાનું. ઝૂંપડાં બાંધીને રહેતા હોય તોય એક સાથે દસ કે પંદર કે પચાસ છાપરાંમાં નકરી ગંદકી જ હોય.વસ્તુ કરતાં માખીનું પ્રમાણ વધારે જણાય.

## પુર રાહતના કામો





વી.એસ.એસ.એમ. દ્વારા આપવામાં આવેલી રાહતકીટ

ઓઢવની દેવીપૂજક વસાહતમાં ચોમાસામાં જવાનું થયું. બપોરનું ટાણું હોય તો વસાહતમાં કોઈને રોટલો ઘડી દેવાનું કહુ ને ચા સાથે તો ક્યારેક શાક સાથે રોટલો ખાઈ લઉં. કરશનકાકાના ઘરે ગઈ અને કાકીએ રોટલો ઘડ્યો. હું થોડી વાત કરીને જમવા બેઠી તો રોટલાની ઉપર એટલી બધી માખીઓ બણબણતી હતી ને રોટલો એમાં ઢંકાઈ જતો હતો. ઘરવિહોણા માટે ચોમાસું એ પાણીની સાથે સાથે બિમારી લઈને આવનારુ પણ છે. અનરાધાર વરસાદમાં ક્યારેક તો ઘરતી માથે બનાવેલા ચુલા પર રોટલોય ઘડી ના શકાય. ખાટલાં ઉપર તબકડાં મુકીને એની અંદર ચૂલો ગોઠવી રસોઈ કરતા કેટલાય પરિવારો મેઘરાજાની પધરામણી વખતે જોઈ શકાય. જો કે ગુલાબભાઈ કહે એમ, ‘ખાટલા માથે ચુલો કરીએ પણ બળતણ કોરુ હોય તો ઈ હળગે ને? રોજા ક્યો કે અપ્પા ઈ તો ઈની મેળે જ થઈ જાય.’

મોરબીના ટંકારામાં એક જ દિવસમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો. નીચાણવાળા વિસ્તારમાં વિચરતી જાતિના ઘણા પરિવારો છાપરાં બાંધીને રહે. પાણી ધસમસતુ આવ્યું સામાન સમેટ બધુ લઈ ગયું. જીવ બચાવીને માંડ બહાર નીકળ્યા. કેટલાક તો માતાજીના પાકા મંદિર ઉપર જીવ બચાવવા ચડી ગયાને કલાકો બેસી રહ્યા. કાંગસિયા પરિવારો શૃંગાર પ્રસાધનો વેચવાનું કરે. તેમને ધંધો વધારવા સંસ્થામાંથી લોન આપી હતી. તેઓ હોલસેલમાં સામાન ખરીદી લાવ્યા હતા. જે છાપરાંમાં જ હતો અને પુરના પાણીમાં એ તણાઈ ગયો. જીવ બચાવીને બહાર નીકળ્યા પછી મદદ માટે ગામના આગેવાનોને મળ્યા પણ તેમના પ્રતિભાવ બહુ જુદા રહ્યા. મદદની વાતો તો બાજુએ રહી પણ દાઝ્યા ઉપર ડામ દેવાય એવું કડવું સાંભળવું પડ્યું.







ભલુ થજો એ સૌનું જેમણે અમને મદદ કરી


૭૦ પરિવારોને અસર થઈ હતી. સંસ્થાના કાર્યકર તેમને મળ્યા. સઘળી સ્થિતિ જોઈને મદદ કરવી પડશે તેવું તેમણે કહ્યું. આપણે ૭૦ પરિવારોને અનાજ, વાસણ તેમજ તાડપત્રી આપવાનું નક્કી કર્યું. અમદાવાદમાં સંસ્થા સાથે સંકળાયેલા સ્વજનોને અપીલ કરી અને સૌ મદદ માટે આગળ આવ્યા. અસરગ્રસ્ત પરિવારોને છત્રીસ કલાકમાં આપણે મદદ પહોંચાડી શક્યા.

હજારો, લાખો માણસો ગરીબીમાં બસ આમ જ સબડ્યા કરે. ઘરના ઘરની વાતો દરેક સરકાર કરે. સારુ જ છે કરવી જ જોઈએ. પણ એ આઝાદીના ૭૦ વર્ષે પણ પૂર્ણ ના થાય તે ઠીક નથી લાગી રહ્યું. વિકાસની દિશામાં ભારતે દોટ મુકી છે અને તે માટે બધુ જ કરવા કટીબદ્ધ થયા છીએ. ત્યારે આ દેશમાં જન્મનાર દરેક વ્યક્તિના માથે પાકી છતનો સંકલ્પ પૂર્ણ કરવામાં છેક ૨૦૨૨ સુધી શું કામ રાહ જોવાની?

વિચરતી જાતિ જેવા અસંખ્ય ગરીબો ઘર મળે તેની રાહ જોઈ રહ્યા છે અને એક દિવસ ઘર મળશે તેવા સોનેરી સ્વપ્ન સાથે જ આ દુનિયા છોડી જશે આવા પરિવારોની ઘરની મહેચ્છા પૂર્ણ થાય તો ટંકારામાં સર્જાઈ તેવી એકેય ઘટના નહીં સર્જાય અને કોઈનોય વહાલસોયો સામાન બચાવવાની લ્હાયમાં ઘોડિયામાં કાયમ માટે ઢબુરાઈ નહીં જાય.

આ લખાઈ રહ્યુ છે તે વેળા બનાસકાંઠા અને પાટણમાં વરસાદે માઝા મુકી છે. ખુબ નુકશાન થયું છે મોટાભાગનાનું તો સામાન સમેટ બધુ જ જતું રહ્યાની ફરિયાદ ઊઠી છે. મદદ કરવી પડશે. એ તો નક્કી જ છે. આ પૂરપ્રકોપ વિશે આ સાથે અલાયદા અસ્તિત્વના અંક ૫ માં વિગતો આપી છે.

# અમારો તોહીદ - ડફેરોનો વકીલ ને અમારો મજબૂત સાથી


તોહીદ વિચરતી જાતિની વસાહતમાં

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા લાખ ઈચ્છા કરે તોય એકલા કામ ના કરી શકે. મજબૂત ટીમ વગર સઘળા કામો થવા મુશ્કેલ. સંસ્થા સાથે સંકળાયેલા તમામ કાર્યકરો સંનિષ્ઠ અને પ્રેમાળ. વિચરતી જાતિનું દુઃખ પોતાનું દુઃખ માનવાવાળા આવા તમામ કાર્યકરો વિષે અહીંયા લખવાનું નક્કી કર્યું છે. કોનાથી શરૂ કરવું તેના જવાબમાં તોહીદ સૌથી પહેલાં નજરે ચડ્યો...

